પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૧૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૬-૦૧-૨૦૨૩ શુક્રવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ઠંડીથી ઠુઠવાયુ દિલ્લી, પારો ૨.૮ ડિગ્રી, સિઝનનો સૌથી ઠંડો દિવસ

## દિલ્લી અને ઉત્તર ભારત સહિત સમગ્ર દેશમા આગામી ૫ દિવસ હાડ ધ્રૂજાવતી ઠંડીની આગાહી



નવીદિલ્હી,

દેશની રાજધાની દિલ્લી કોલ્ડ વેવ અને ગાઢ ધૂમ્મસથી પરેશાન છે. ભારતીય હવામાન વિભાગે શીત લહેરનુ ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે. આગલા ત્રણ દિવસ સુધી હજુ ઠંડીથી કોઈ રાહત મળવાના અણસાર નથી. બુધવારે અહીં લઘુત્તમ તાપમાન ૪.૪ ડિગ્રી હતુ જે આજે ગગડીને ફજરગંજમાં ૨.૮ ડિગ્રીએ પહોંચી ગયુ છે. ભારતીય હવામાન વિભાગે અહીં શીતલહર માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે અને કહ્યુ છે કે લોકોને આગામી ત્રણ દિવસ સુધી ઠંડીથી રાહત નહીં મળે. દિલ્હી, પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને યુપીમાં આગામી ત્રણ દિવસ સુધી ભારે ઠંડીનો સામનો કરવો પડશે. અહીં દિવસ દરમિયાન સૂર્યપ્રકાશ નહીં હોય અને ઠંડી વધશે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે આ ઠંડી વધી છે.હાલમાં પહાડો પર બર્ફીલા પવનો ફૂંકાઈ રહ્યા છે, જેના કારણે મેદાની વિસ્તારોમાં ઠંડી વધી ગઈ છે. આગામી ૨૪ કલાકમાં જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વરસાદ અને હિમવર્ષા થશે, જેના કારણે મેદાની વિસ્તારોમાં ઠંડીમાં જબરદસ્ત વધારો થશે. હવામાન વિભાગનો અંદાજ છે કે દિલ્લીમાં પથી ૭ જાન્યુઆરીની વચ્ચે લઘુત્તમ તાપમાન ૪ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૧૮ ડિગ્રી સેલ્સિયસ અથવા તેનાથી ઓછુ રહી શકે છે.

વરસાદ હવામાન વિભાગે આગાહી કરી છે કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે આગામી બે દિવસ દરમિયાન દક્ષિણ મધ્યપ્રદેશ, વિદર્ભ, છત્તીસગઢ, ઉત્તર મધ્ય મહારાષ્ટ્ર અને મરાઠવાડામાં હળવો વરસાદ થવાની સંભાવના છે, જેના કારણે તાપમાનમાં ઘટાડો થશે અને ઠંડીમાં વધારો થશે. ૭ જાન્યુઆરી પછી વરસાદ અને કોલ્ડવેવનો આ સમયગાળો ઘટશે. ધૂમ્મસના કારણે ટ્રેનો મોડી ધૂમ્મસના કારણે ટ્રેનો મોડી દિલ્લી એરપોર્ટે ફોગ એલર્ટ જાહેર કર્યુ છે અને મુસાફરોને એરપોર્ટ સાથે જોડાયેલા રહેવા માટે કહેવામાં આવ્યુ છે, જોકે દિલ્લી એરપોર્ટ પર ફલાઈટ્સ સામાન્ય છે. વળી, ધુમ્મસને કારણે ઘણી ટ્રેનો મોડી ચાલી રહી છે અને અમુક ટ્રેનોને ડાયવર્ટ કરવામાં આવી છે. હવામાન વિભાગે કહ્યુ કે આગામી ૭૨ કલાકમાં દિલ્લીમાં તીવ્ર ઠંડી પડશે અને આજે અહીં લઘુત્તમ તાપમાન ૪ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૧૭-૧૮ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહી શકે છે.

ભારતમાં છેલ્લા કેટલાક દિવસોથી કાતિલ ઠંડી પડી રહી છે. જેના કારણે ઠંડીમા લોકો ઠુંઠવાતા જોવા મળી રહ્યાં છે. ત્યારે હવામાન વિભાગે આગાહી કરી છે કે હજી આગામી દિવસોમાં દેશમા ઠંડીનું જોર વધશે. જેના કારણે લોકોને શીત લહેરનો અનુભવ થશે. ખાસ કરીનો મોડી સાંજથી ઠંડા પવનો ફૂંકાવાની શરૂઆત થતા કેટલાક શહેરોમાં રાત્રિના તાપમાનનો પારો અતિશય નીચો જતો રહે છે. જેમાં પહાડી વિસ્તારોમાં બરફ વર્ષાને કારણે ઠંડી વધવાની વકી છે. તારીખ ૪ જાન્યુઆરીની રાત્રે મોટા ભાગના શહેરોમાં તાપમાનનો પારો નીચો ઉતર્યો છે. જો કે હાલમાં ઉત્તર ભારતના રાજ્યોમાં પણ હાડ ધ્રૂજાવતી ઠંડી પહી રહી છે તો કાશ્મીરમાં પણ બરફ વર્ષા થઈ છે. તેની અસરરૂપે ગુજરાતની સાથે સમગ્ર દેશમાં પણ જાન્યુઆરી મહિનાની શરૂઆતથી જ ઠંડી અનુભવાઈ રહી છે. હવામાન વિભાગ દ્વારા સૌથી વધારે ઉત્તર ભારતમાં કોલ્ડવેવ રહેશે તેવી આગાહી કરવામાં આવી છે. જેમા અગામી ૫ દિવસમા દેશના પંજાબ, હરિયાણા, દિલ્લી, ઉત્તરાખંડ અને રાજસ્થાનમાં કાતિલ ઠંડી પડે તેવી શક્યતા છે. જ્યારે આગામી ૫ દિવસમા મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને મહારાષ્ટ્ર જેવા રાજ્યમાં કમોસમી વરસાદની પણ આગાહી કરવામાં આવી છે.

કાશ્મીર ખીણમાં ઠંડીનો પ્રકોપ ચાલુ છે. શ્રીનગરમાં અત્યાર સુધીની સૌથી ઠંડી રાત નોંધાઈ છે. કાશ્મીર ખીણમાં સતત ત્રીજી રાત્રે તાપમાનનો પારો માઈનસ નીચે નોંધાયો હતો. મંગળવારે રાત્રે શ્રીનગરમાં લઘુત્તમ તાપમાન -૬.૪°C નોંધાયું હતું. કાશ્મીરના અન્ય શહેર પહેલગામમાં લઘુત્તમ -૯.૨ °C, કુપવાડા -૬.૨°C, ગુલમર્ગ -૭.૫ °C, લેહમાં -૧૫.૨°C નોંધાયું હતું

અમરનાથ યાત્રાના બેઝ કેમ્પ અનંતનાગ જિલ્લાના પહેલગામમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૯.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ઠંડી અને હિમવર્ષાના કારણે કાશ્મીરના મેદાની વિસ્તારોમાંથી લોકો હિજરત કરી રહ્યા છે. ઠંડીના કારણે સોનમર્ગમાં તળાવ થીજી ગયું હતું.ગુજરાતમાં હાલમાં હાડ કંપાવતી ઠંડી પડી રહી છે. હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે ગુજરાતમાં આગામી એક અઠવાડિયામાં હજુ ૨થી ૩ ડિગ્રી પારો ગગડશે. રાજ્યમાં ઠંડા પવનોના કારણે લોકો ઠુઠવાઈ રહ્યા છે. સતત વધી રહેલી ઠંડીના કારણે રાજ્યમાં જનજીવન પર અસર પડી છે. ઠંડા પવનોથી લોકો ઠુઠવાયા ઠંડા પવનોથી લોકો ઠુઠવાયા તીવ્ર પવનોના કારણે રાજ્યમાં હાલમાં કાતિલ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

### સૂસવાટા મારતા પવનથી ગુજરાતીઓ ઠુંઠવાયા

## નલિયાએ સૌથી વધુ ઠંડુગાર રહેવાનો રેકોર્ડ તોડ્યો, ૨ ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે થીજી ગયું



અમદાવાદ,

રાજ્યમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. ગુજરાતીઓએ ક્યારેય અનુભવી ન હોય તેવી ઠંડી હાલ અનુભવાઈ રહી છે. પરંતુ આ વચ્ચે સૌથી ઠંડુગાર રહેતા નલિયાનો પારો સાતમા આસમાને પહોંચી ગયો છે. શિયાળામાં સૌથી વધુ ઠંડુગાર રહેવાનો રેકોર્ડ બનાવતા નલિયામાં આ વર્ષે કાશ્મીર જેવુ થીજી ગયું છે. ૨ ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે નલિયા થીજી ગયું છે. હવામાન ખાતાના આંકડા અનુસાર, કચ્છના નલિયામાં ૨ ડિગ્રીનો પારો નોંધાયો છે. જેથી ત્યાં ઠંડી કેવી હશે તે સાંભળીને જ રુંવાડા ઉભા થઈ જાય.

હવામાન ખાતાના લેટેસ્ટ આંકડા અનુસાર, ગુજરાતના વિવિધ શહેરોમાં ઠંડીનો પારો ઉંચકાયો છે. ડીસા ૬.૯, ભુજ ૯ ડિગ્રી, અમદાવાદ ૧૦ ડિગ્રી, રાજકોટ ૧૦, અમરેલી-વડોદરા ૧૧.૬ ડિગ્રી ઠંડી નોંધાઈ છે. રાજ્યમાં ઠંડીનો ચમકારો વધતા મોટાભાગના જિલ્લાઓમાં ઠંડીનો પારો ગગડ્યો છે. રાજ્યમાં ઠંડીનો ચમકારો વધતા મોટાભાગના જિલ્લાઓમાં ઠંડીનો પારો ગગડ્યો છે. માત્ર નલિયા જ નહિ, કચ્છમાં ભુજનો પારો પર સિંગલ ડિજિટમાં ૯ ડિગ્રી ઉપર પહોંચ્યો છે. ભારે ઠંડીના કારણે જિલ્લામાં જનજીવન પ્રભાવિત બન્યું છે. રાજ્યમાં હાલ ઠંડીનુ જોર યથાવત રહ્યું છે. ૮ શહેરોમાં લુઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રીથી ઓછું નોંધાયું છે. ૮.૧ ડિગ્રી તાપમાન સાથે નલિયા સૌથી ઠંડુગાર રહ્યું છે. જ્યારે ગાંધીનગર ૧૦.૫, ડિસા ૧૦.૬, ભૂજ ૧૧.૨ અને વડોદરા ૧૧.૬ ડિગ્રી, અમદાવાદ ૧૨.૧ ડિગ્રી, રાજકોટ ૧૨.૫ ડિગ્રી અને અમરેલી ૧૩ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. પરંતુ આગામી સમયમાં હવામાન વિભાગે એક ખુશખબર આપ્યા છે. આગામી થોડાક જ દિવસોમાં હાડ ગાળતી ઠંડીથી રાજ્યના લોકોને રાહત મળશે. ૨૪ કલાક બાદ રાજ્યમાં ઠંડીમાં નોંધનીય ઘટાડો થશે. મહત્તમ તાપમાનમાં પણ ૨ ડિગ્રી જેટલો ઘટાડો થશે. ૨ દિવસ બાદ પવનની ગતિમાં પણ ઘટાડો થશે. લઘુત્તમ તાપમાનમાં ૨ થી ૪ ડિગ્રી વધારો થવાની સંભાવના, જેથી ઠંડી ઓછી થશે. હિમાલય તરફ પવનની ગતિ બદલાતા પુનઃ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર વર્તાશે. વાતાવરણમાં ભેજ વધતા લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થશે.અમદાવાદ સહિત રાજયભરમાં કડકડતી ઠંડી અનુભવાઈ રહી છે. ગુજરાતમાં બે દિવસથી શીતલહેરનો પ્રકોપ યથાવત છે. અનેક શહેરોમાં તાપમામ ૧૦ ડિગ્રી નોંધાયુ છે. ૧૦ ડિગ્રી તાપમાન નોંધાતા કાતિલ ઠંડીથી ઠુઠવાયા લોકો છે. ઠંડીથી બચવા માટે લોકોએ તાપણાનો સહારો લીધો છે. તો અનેક ઘરોમાં હીટર ચાલુ થઈ ગયા છે.

હવામાન વિભાગે હજુ પણ કડકડતી ઠંડી પડવાની સંભાવના વ્યક્ત કરી છે. ગુજરાતમાં આગામી ૫ દિવસ વાતાવરણ એકદમ સ્વચ્છ રહેશે. વાતાવરણમાં ભેજ વધતા લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થશે. બે દિવસ પછી હવાની ગતિમાં ઘટાડો થશે. હાલમાં કોલ્ડ વેવની કોઈ આગાહી નથી.

હાલ ઉત્તર ભારતના પવનોને પગલે હાડ થીજવતી ઠંડી પડી રહી છે, ત્યારે હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આ ઠંડી ક્યારે જશે અને ગુજરાતીઓને કડકડતી ઠંડીમાંથી ક્યારે મુક્તિ મળશે તે જણાવ્યું છે. અંબાલાલ પટેલે જણાવ્યું કે, જાન્યુઆરી મહિનામાં ગુજરાતના હવામાનમાં ઘણા પલટા આવવાની શક્યતા છે. દેશના ઉત્તરીય પાર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષા થવાની શક્યતા છે. તો જાન્યુઆરીના શરૂઆતના દિવસોમાં હળવા વાદળોની શક્યતા થે, ૬ જાન્યુઆરીથી ૯ જાન્યુઆરી દરમિયાન પશ્ચિમ વિક્ષેપ આવવાની શક્યતા છે. આ પશ્ચિમી વિક્ષેપથી આવવાથી ઠંડીમાં ઘટાડો થશે. તેમણે વધુમાં કહ્યું કે, ૯ જાન્યુઆરીએ પશ્ચિમી વિક્ષેપ હટી જવાથી ઠંડીમાં વધારો થશે. ૧૦, ૧૧ અને ૧૨ જાન્યુઆરીએ હવામાનમાં મોટો પલટો આવતા ઠંડીનો ચમકારો જોવા મળશે. ૧૦ જાન્યુઆરીએ ઠંડા પવનો ફૂંકતા મધ્ય ગુજરાતમા ન્યુત્તમ તાપમાનમાં ઘટાડો થશે. અમદાવાદમાં ન્યુતમ તાપમાન ૧૨ ડિગ્રી આસપાસ રહેશે. જ્યારે ગાંધીનગરમાં ન્યુતમ તાપમાન ૧૦ ડિગ્રી રહેવાની શક્યતા છે. ૧૬ અને ૧૭ જન્યુઆરીએ હવામાનમાં પલટો આવતા વાદળવાયું જોવા મળશે. તો ૨૦ જન્યુઆરી સુધી વાદળવાયુ વાતાવરણ જોવા મળશે.

## મહિલા સાથે ‘રેપ’ અને ‘જાતીય સતામણી’ ભારતીય સમાજનું કાળું અને વરવું સત્ય : હાઈકોર્ટ



અમદાવાદ,

૧૨ વર્ષ અને સાત મહિનાની સગી પુત્રી સાથે જાતિય અડપલાં કરનારા પિતાની જામીન અરજી ફગાવતાં ચુકાદામાં હાઈકોર્ટના જસ્ટિસ સમીર દવેએ પદ્મપુરાણ અને મનુસ્મૃતિના શ્લોક ટાંક્યા છે. જસ્ટિસ દવેએ પદ્મપુરાણના શ્લોક 'પિતા ધર્મઃ પિતા સ્વર્ગઃ પિતા હિ પરમમ્ તપઃ'ને ટાંકતા એવું અવલોકન કર્યું છે કે,'આ શ્લોકનો અર્થ છે કે મારા પિતા મારો ધર્મ છે, મારા પિતા મારું સ્વર્ગ છે.


તેઓ મારા માટે જીવનની પરમ તપસ્યા છે.' પિતાનું સંતાનના જીવનમાં કેટલું મહત્ત્વ હોય છે તે જણાવતાં ચુકાદામાં જસ્ટિસ દવેએ એવું માર્મિક અવલોકન પણ કર્યું છે કે,'મહિલાઓ સાથે 'રેપ' અને 'જાતિય સતામણી'ના ગુના ભારતીય સમાજનું કાળું અને વરવું સત્ય છે. જે મહિલાના આત્મા અને તેના આત્મસન્માનને પીંખી કાઢે છે.'

હાઈકોર્ટના જસ્ટિસ સમીર દવેએ એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપતા નોંધ્યું છે કે,'એક છોકરી કે મહિલા જે અત્યંત ખુશ મિજાજ હોય છે, જ્યારે તેને જન્મ આપનાર દ્વારા જે તેની સાથે રેપ કે જાતીય સતામણી જેવા ગુના થાય છે, ત્યારે તેનો અંતરઆત્મા વેરવિખેર થઈ જાય છે અને તેને કંઈ સમજ જ પડતી નથી કે તેની સાથે આવો જઘન્ય અને દુઃસ્વપ્ન સમાન ગુનો કેમ થયો. એક દીકરી હંમેશાં તેના પિતાને એક કવચની જેમ જોતી હોય છે અને સન્માન આપે છે. પિતા અને પુત્રીના સંબંધમાં એક પવિત્રતા હોય છે. પરંતુ જ્યારે ખુદ પિતા કે જે પુત્રીનો રક્ષક છે તે નરાધમ કૃત્ય કરે ત્યારે માનવીય ચેતના હચમચી જાય છે. આવા ગુનામાં આકરામાં આકરી સજા થવી જ જોઈએ. પિતા જ પુત્રી પર રેપ કે જાતીય સતામણીનો આરોપી હોય એના જેવો જઘન્ય ગુનો બીજો કોઈ ન હોઈ શકે.'

હાઈકોર્ટે ચુકાદામાં પિતા અને માતાની મહત્તાને પ્રતિપાદિત કરતા મનુસ્મૃત્તિના શ્લોકને ટાંકતા કહ્યું છે કે,'૧૦ ઉપાધ્યાયથી મોટા એક આચાર્ય, ૧૦૦ આચાર્યથી મોટા એક પિતા અને ૧૦૦૦ પિતાથી મોટી એક માતા હોય છે.' પ્રસ્તુત કેસમાં ગુનાની ગંભીરતા અને ફરિયાદમાં થયેલા આક્ષેપો જોતાં અરજદાર પિતાની જામીન માટેની અરજી રદબાતલ કરવામાં આવે છે.

આ કેસ દેવભૂમિ દ્વારકાનો છે. જેમાં પિતાએ સગી પુત્રીની જાતીય સતામણી કરતાં માતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેની વિગતો મુજબ પીડિતા ૧૨ વર્ષ અને સાત મહિનાની છે અને આરોપી તેનો સગો પિતા છે. તે એક દિવસ દીકરીનો હાથ પકડીને ઘરની અંદર લઇ ગયો હતો અને શારીરિક ચેનચાળા કર્યા હતા અને પિતા હોવા છતાંય પુત્રી સાથે નિકાહ કરવા છે એમ કહ્યું હતું. એ પહેલાં પણ એકવાર પુત્રી સૂતી હતી ત્યારે પિતાએ તેના હાથ દોરીથી બાંધી મોઢામાં કપડું નાખી તેને મારી કાઢવાની ધમકી આપી હતી. આ ફરિયાદમાં અરજદાર પિતાને નીચલી અદાલતે જામીન નહીં આપતા તેણે હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. જે અરજીમાં હાઈકોર્ટે રાહત નહીં આપવાનું વલણ દાખવતા અરજદારે અરજી પરત ખેંચી લેવાની દલીલ કરી હતી. જે દલીલ પણ હાઈકોર્ટે ફગાવી હતી અને વિસ્તૃત આદેશ કરવાની ટકોર કરી હતી.

## રશિયાથી ક્રુડતેલ આયાતમાં નવો રેકોર્ડ : રોજનું ૧.૧૭ મિલિયન બેરલ ભારત પહોંચે છે



નવીદિલ્હી,

યુક્રેન યુદ્ધ સાથે વિશ્વભરમાં ક્રુડતેલના ભાવમાં વધારા અને સતત અફડાતફડી જેવી સ્થિતિ વચ્ચે ભારતમાં રશિયન ક્રુડતેલની આયાત સતત વધી રહી છે અને ડિસેમ્બર માસમાં રશિયાએ ભારતને રોજનું ૧.૧૭ મિલિયન બેરલ ક્રુડતેલ સપ્લાય કર્યુ હતું તે અત્યાર સુધીનો સૌથી મોટો રેકોર્ડ છે. ભારતમાં ક્રુડતેલની ડિસેમ્બરમાં જે આયાત થઈ તેમાં દર ચાર બેરલમાં એક રશિયા તરફથી મળ્યું હતું. એનર્જી કાર્ગો ટ્રેકર ના જણાવ્યા પ્રમાણે ઓકટોબરથી ડિસેમ્બર દરમ્યાન રશિયાના ક્રુડતેલની ભારતમાં આયાત સતત વધી રહી છે.

ખાસ કરીને સરકારી ઓઈલ કંપનીઓ એ રોજનું છ લાખ બેરલ અને ખાનગી ઓઈલ કંપનીઓએ ૫.૭૦ લાખ બેરલ ક્રુડતેલ આયાત કર્યુ છે અને તેમાં અત્યાર સુધી ભારતનાં સૌથી મોટા ક્રુડતેલ સપ્લાયર યુએઈનો હિસ્સો ઘટયો છે અને અમેરિકાથી આવતું ક્રુડતેલમાં ૨૦ ટકા જેવો ઘટાડો થયો છે. ભારતને રશિયા દ્વારા દરિયાઈ સારકામમાંથી જે ક્રુડતેલ ઉપલબ્ધ બને છે તે પુરુ પાડે છે અને તે ચીન કરતા લગભગ ડબલ છે અને યુરોપીયન દેશોને જે ક્રુડતેલ અપાય છે તેના કરતા નવ ગણું વધુ છે અને પ્રથમ વખત ચીન કરતા ભારતે રશિયામાંથી વધુ ક્રુડતેલ આયાત કર્યુ છે.

એક તબકકે ભારતને ક્રુડતેલ પહોંચાડવા માટે રશિયા પાસે કાર્ગો જહાજ સહિતની સમસ્યા હતી અને વિમા કંપનીઓ પણ યુક્રેન-રશિયા યુદ્ધને કારણે જોખમ લેવા તૈયાર ન હતું પરંતુ હવે બાલ્ટીક અને બ્લેક-સીના માર્ગે ભારતમાં ક્રુડતેલ સરળતાથી આયાત થઈ રહ્યું છે જેને કારણે ભારતને આંતરરાષ્ટ્રીય બજાર કરતા સસ્તુ ક્રુડતેલ મળી રહ્યું છે. સૌથી મહત્વનું એ છે કે ભારતે રશિયા સાથે ડોલરને બાયપાસ કરીને રૂપિયા અને રૂબલમાં ક્રુડતેલના આયાત તેમજ ભારતમાંથી અન્ય નિકાસનો વ્યવહાર ગોઠવી દીધો છે જેને કારણે ભારતમાં ડોલરની માંગ પણ ઘટી છે.

## વિધાનસભા ચૂંટણીમાં પક્ષ વિરોધી કામ કરનારા વિરુદ્ધ ભાજપ કાર્યવાહી કરશે

અમદાવાદ,

૧ ડિસેમ્બર અને ૫ ડિસેમ્બર એમ બે તબક્કામાં ગુજરાત વિધાનસભાની ચૂંટણીની યોજાઈ હતી. જેનું પરિણામ ૮મી ડિસેમ્બરના રોજ આવ્યું હતું. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને સમગ્ર રાજયમાં અભૂતપૂર્વ જીત મળી છે. ભાજપને ૧૫૬, કોંગ્રેસને ૧૭ અને આપ આદમી પાર્ટીને ૫ બેઠકો મળી છે. જોકે, આ ચૂંટણી પૂર્ણ થયા બાદ કેટલીક જગ્યાએ ભાજપને ભાજપના જ કેટલાક નારાજ લોકો નડતર રૂપ બન્યા હોવાના સમાચાર સામે આવ્યા હતા.

ગુજરાતમાં પ્રદેશ ભાજપમાં શિસ્ત સમિતિમાં પક્ષ વિરોધી કામ કરનારા વિરુદ્ધ ૬૦૦ જેટલી ફરિયાદો નોંધાઈ હતી. મહત્વનું છે કે, પ્રદેશ ભાજપની શિસ્ત સમિતિના પ્રમુખ વલ્લભ કાકડિયાના નેતૃત્વમાં એક ટીમની નિયુક્તિ થઈ છે. આ તરફ હવે આગામી ૧૦ જાન્યુઆરીથી ઝોન વાઈઝ શિસ્ત સમિતિ ફરિયાદો હાથ પર લેશે. નોંધનીય છે કે, રાજકોટ, ગીરસોમનાથ, સુરેન્દ્રનગર સહીતમાં પક્ષ વિરોધી કાર્ય અને ચૂંટણીમાં નિષ્ક્રિય રહેવાની આંતરિક ફરિયાદો મળી હતી.

શિસ્તબદ્ધ ગણાતા ભાજપ પક્ષમાં ચૂંટણી સમયે કેટલાક નારાજ કાર્યકરો અને અગ્રણીઓ દ્વારા પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરી પક્ષની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ બાબતની પ્રદેશ તેમજ રાષ્ટ્રીય નેતાગીરીએ ગંભીર નોંધ લીધી હતી અને ચૂંટણી સમયે જ કેટલાક સામે પગલાં લેવામાં આવ્યા હતા.

રાજ્યની કેટલીક વિધાસભા બેઠક પર પણ આવી જ બાગી પ્રવૃત્તિ થઈ હોવાનો સ્વીકાર કરી જિલ્લાઓના ભાજપના પ્રમુખોએ આ મામલે પ્રદેશને રિપોર્ટ સોંપ્યો હોવાનું પણ સામે આવ્યું હતું.

## ગાંધીનગર મહાનગર પાલિકાનું વર્ષ ૨૦૨૩-૨૪નું ૨૬૪ કરોડની પુરાંત સાથેનું ૯૪૪ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ

ગાંધીનગર,

આજે ગાંધીનગર મહાનગર પાલિકાનું વર્ષ ૨૦૨૩-૨૪ માટેનું ડ્રાફ્ટ બજેટ રજૂ થયું હતું. ગાંધીનગર મહાનગર પાલિકાનું ૨૬૪ કરોડની પુરાંત સાથેનું ૯૪૪ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ સ્ટેન્ડિંગ કમિટીમાં રજૂ કરવામાં આવ્યું હતું. સ્ટેન્ડિંગ કમિટી ડ્રાફ્ટ બજેટમાં સુધારો કરીને બજેટ રજૂ કરશે. સ્ટેન્ડિંગ કમિટીમાં ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશ્નર સંદીપ સાંગલે આવક જાવકના હિસાબ સાથે ડ્રાફ્ટ બજેટ સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કર્યું હતું.

ગાંધીનગર કમિશ્નર સંદીપ સાંગલેએ જણાવ્યું હતું કે અંદાજ પત્ર અને ૨૦૨૩- ૨૪ નું ડ્રાફ્ટ અંદાજ પત્ર જાહેર કરવામાં આવ્યું છે જેના કેપિટલ ખર્ચ માં ૨૩.૮૯% ઘટાડો કરવામાં આવ્યો છે. રેવન્યુ ખર્ચ ૧૪૬.૨૧ કરોડ ની સામે ૧૬૭.૧૭ છે. બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે કે રખડતા ઢોર માટે સુઘડ કેટલ પાઉન્ડ અને એનિમલ બર્થ કંટ્રોલ સેન્ટર શરૂ કરવામાં આવશે. આ બજેટમાં કોઈપણ જાતના વેરામાં કે દરમાં વધારો નહી હોય

ગાંધીનગર મહાનગર પાલિકાનું ડ્રાફ્ટ બજેટ રજૂ થવાના પગલે મહાનગર પાલિકાની વિવિધ શાખમાં બજેટલક્ષી કામનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકાના આ વખતના બજેટ પર સૌ નગરજનોની ખાસ મીટ મંડાયેલી હતી. ત્યારે ગાંધીનગર કોર્પોરેશનના વિસ્તાર વધતાં હવે બજેટનું કદ પણ વધ્યુ છે.

ગત વર્ષે , ૨૦૨૨-૨૩ માટે ગાંધીનગર મહાનગર પાલિકાનું ડ્રાફ્ટ બજેટ ગાંધીનગર કોર્પોરેશનના કમિશનર ધવલ પટેલે સ્ટેન્ડિંગ કમિટીમાં રજૂ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે ૫૧૨ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કર્યુ છે. સ્ટેન્ડિંગ કમિટી હવે આ બજેટમાં સુધારા વધારા કરી જેમાં સ્થાયી સમિતિએ ૨૭ કરોડનો વધારો સુચવીને ૫૪૦ કરોડનું બજેટ મંજૂર કર્યુ હતું. મહત્વનું છે કે વર્ષ ૨૦૨૨-૨૩નું બજેટ સૌથી અલગ રહ્યું હતું, કારણકે ગત વર્ષે ૧૮ ગામ અને પેથાપુર નગરપાલિકાનો ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. ત્યારે આ બજેટમાં આ તમામ ગામડાઓના વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો હતો. ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં તફાવત ના રહે એવુ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું.

### ગુજરાત રાજ્ય વકફ બોર્ડ

ડૉ.જીવરાજ મહેતા ભવન,
બ્લોક નંબર ૮, ગાંધીનગર

**વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬**
**વિષય “ફૈઝે ઈબ્રાહીમ ટ્રસ્ટ”**

ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી **બક્કર મેહબુબ ઈસહાક** મુ.પો.ગોધરા, જી.પંચમહાલ નાઓએ મજકુર વકફના ઉદ્દેશો પુર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલ્કત-વકફ જંગમ/સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમુનામા દરખાસ્ત કરેલ છે. જે મિલ્કતની વિગત નીચે મુજબ છે.

| ગામ/મુ.પો./હે. | જીલ્લો અને તાલુકો | મિલ્કતનો પ્રકાર | સર્વે નં./મિલ્કત નં. | ચો.મી. |
|---|---|---|---|---|
| મુ.પો.ગોધરા | તા.ગોધરા, જી.પંચમહાલ | બીનખેતી રહેણાંક હેતુની જમીનમાંનો પ્લૉટ | રે.સ.નં.૫૪૪/૧/૧ પૈકીની ખા.પ્લોટ નં.૨૮, સીટી સર્વે નં.૭૭૨/અ/૨૭ પૈકી | ૩૯-૮૪-૩૭અને તે જમીન ઉપર ૨૫.૦૦ ચો.મી. મકાનનું બાંધકામ |

ઉકત જણાવેલ સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજય વકફ બોર્ડ, ગાંધીનગર ની વિચારણા હેઠળ હોઇ આ સબંધે કોઇ વ્યક્તિ કે સંસ્થાના વાંધાસૂચનો હોય તો તે દિન-૭ માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરી ને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહિ મળે તો ઉક્ત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(એમ.એચ. ખુમાર)
મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ,
ગાંધીનગર

## કાશ્મીરમાં ટાર્ગેટ કિલિંગને લઈને સરકાર એક્શનમાં, ૧૮૦૦ CRPF જવાનો તૈનાત કરાશે

નવીદિલ્હી,

કાશ્મીરમાંથી કલમ ૩૭૦ ની નાબુદી થયા બાદ પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓના પેટમાં તેલ રેડાયુ છે અને સતત નાગરિકોને ટાર્ગેટ કરી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોથી સતત હત્યાઓ થઈ રહી છે ત્યારે હવે ભારત સરકાર એક્શનમાં આવી છે. સામે આવી રહેલી વિગતો અનુસાર ભારત સરકાર જમ્મુ કાશ્મીરમાં સીઆરપીએફની ૧૮ કંપનીઓ તૈનાત કરવા જઈ રહી છે.

સુત્રો દ્વારા મળી રહેલી વિગતો અનુસાર, સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ રાજૌરી જિલ્લામાં બે તાજા આતંકી હુમલાઓ અને નાગરિકોની હત્યાઓને લઈને જમ્મુ અને કાશ્મીરમાં ૧૮ વધારાની કંપનીઓ મોકલશે. આ જવાનો જમ્મુ ક્ષેત્રના સંવેદનશીલ વિસ્તારોમાં મુખ્યત્વે પૂંચ અને રાજૌરી જિલ્લામાં તૈનાત કરાશે. વિગતો અનુસાર, હાલ કાશ્મીરમાં સીઆરપીએફની ૮ કંપનીઓ હાજર છે તેને હવે અલગ અલગ જગ્યાઓએ તૈનાક કરાશે. આ સિવાયની ૧૦ કંપનીઓ દિલ્હીથી કાશ્મીર મોકલવાની કાર્યવાહી શરૂ કરાઈ છે.

સુત્રો દ્વારા સામે આવેલી માહિતી અનુસાર, હાલમાં જ આતંકી હુમલાઓને લઈને મળી રહેલા ઈનપુટને લઈને ગૃહ મંત્રાલયે આ આદેશ જારી કર્યો છે. અહીં તમને જણાવી દઈએ કે, કાશ્મીર રાજૌરી જિલ્લાના અપર ડાંગરી ગામમાં રવિવારે સાંજે અને સોમવારે સવારે બે અલગ-અલગ આતંકવાદી હુમલામાં બે બાળકો સહિત છ લોકો માર્યા ગયા હતા. આ ઘટનામાં અન્ય કેટલાક ઘાયલ થયા હતા. અહેવાલો અનુસાર, વિસ્ફોટ સોમવારે સવારે શંકાસ્પદ ઈમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસથી કરવામાં આવ્યો હતો. આ પછી બે બાળકોના મોત થયા હતા.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહિસાગર જીલ્લાના બાલાસીનોર ખાતે GIDCના ગોડાઉન માંથી ૨૧ લાખની ચાઈનીઝ દોરી ઝડપાઈ


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,
મકરસંક્રાંતિનો તહેવાર નજીક હોવાથી તંત્ર દ્વારા ચાઈનીઝ દોરીના વેચાણ તથા ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. જોકે, આંમ છતાં પણ બજારમાં ચાઈનીઝ દોરીનું વેચાણ થઈ રહ્યું છે. ત્યારે પોલીસ ચાઈનીઝ દોરી ઝડપી પાડવાની ઝુંબેશ હાથ ધરી હોય તેમ લાગી રહ્યું છે. વડોદરા અને સુરતમાં ચાઈનીઝ દોરીથી ૧-૧ વ્યકિતનાં મોત થયા હતા. ત્યારે પ્રતિબંધિત ચાઈનીઝ દોરી, તુક્કલ વેચાણ સામે મહીસાગર પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે. ૨૧ લાખથી વધુનો મુદ્દામાલ ઝડપી પડ્યો છે. રાજ્યમાં મકરસંક્રાંતિ તહેવારને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ દરમિયાન ગુજરાતમાં પોલીસે પણ આ તહેવારને લઈ સતર્ક જોવા મળી રહી છે. રાજ્યમાં ઠેર ઠેર પ્રતિબંધિત ચાઈનીઝ દોરી પકડી પાડવામાં આવી રહી છે. ત્યારે પ્રતિબંધિત ચાઈનીઝ દોરી, તુક્કલ વેચાણ સામે મહીસાગર પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે. બાલાસિનોર પોલીસને બાતમીના આધારે મોટી સફળતા મળી છે. બાલાસિનોર ખાતે આવેલી જી.આઈ.ડી.સી.ના ગોડાઉનમાં રેડ કરતા ૨૧ લાખથી વધુની ચાઈનીઝ દોરી ઝડપાઈ છે. ૧૨,૫૪૨ નંગ ફીરકીઓ કિંમત ૨૧ લાખ ઉપરાંતનો જથ્થો ઝડપ્યો.

જી.આઈ.ડી.સી.ના ગોડાઉનમાં રેડ કરતા અલગ અલગ બ્રાન્ડની ચાઈના દોરીનો જથ્થો મળી આવ્યો. અંદાજીત એક આઈસર ટેમ્પો અને છકડો ભરાય તેટલો ચાઈના દોરીનો જથ્થો મળી આવતા અનેક તર્ક વિતર્કો સર્જાયા છે. જિલ્લામાં આટલો બધો પ્રતિબંધિત અલગ અલગ બ્રાન્ડનો ચાઈનીઝ દોરી જથ્થો આવ્યો ક્યાંથી એક મોટો સવાલ.૧૨,૫૪૨ નંગ ફીરકીઓ સહિત કુલ ૨૧,૨૮,૧૮૦ લાખનો મુદ્દામાલ ઝડપી પડ્યો છે. આટલો મોટો જથ્થો ક્યાંથી આવ્યો અને કોણ લાવ્યું તે અંગે પોલીસે તપાસ શરૂ કરી દીધી છે. જ્યારે આરોપી ઈદ્રીસ શેખ ફરાર થયો છે.

## ખખડધજ બસ સ્ટેશનને નવિનીકરણ કરવા માંગ

# મલેકપુર થી આઠ કિમી દૂર સેમારાના મુવાડા બસ સ્ટેન્ડનો જર્જરિત ભાગ તૂટી પડવાની આશંકા


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,
લુણાવાડા તાલુકાના સેમારાના મુવાડા ગામે આવેલ બસ સ્ટેન્ડની બિસ્માર હાલતને લઈ ગ્રામજનો દ્વારા બસ સ્ટેન્ડનું નવીનીકરણ કરવાની માંગ ઉઠી છે. આમ, જર્જરિત હાલતને કારણે ચોમાસામાં પણ છત માંથી પાણી ટપકવાને કારણે મુસાફરોને અનેક મુશ્કેલી વેઠવાની વારો આવ્યો હતો. આમ, મુસાફરોની સુવિધા માટે બનાવેલા બસ સ્ટેન્ડ શિયાળાની ઠંડીમાં તેમજ ચોમાસામાં વરસાદી સમયમાં મુસાફરો માટેની છત સમાન હોય છે. ત્યારે ખાલી ખોખા સમાન બની ગયેલ બસ સ્ટેન્ડને કારણે મુસાફરોને બહાર ઊભા રહેવાની સ્થિતિ ઉભી થઇ છે. બસ સ્ટેન્ડની આગળનો તેમજ અંદરનો RCC ભાગનો પોપડા ઉખડી અને અવારનવાર નીચે પડવાની ઘટનાઓ જોવા મળી રહી છે. જ્યારે બસ સ્ટેશનની અંદર છતના સિમેન્ટના પોપડા ટુટી જવાના કારણે સળિયા પણ હવે દેખવા લાગ્યા છે.આમ અવારનવાર મુસાફરો વિશ્રામ માટે તેમજ બહાર જવા માટે બસ સ્ટેન્ડમાં બેસતા હોય છે. ત્યારે જર્જરિત ભાગ તૂટી જવાને કારણે અકસ્માતની ભીતિ સર્જાઈ રહી છે. ત્યારે ગ્રામજનો દ્વારા વહેલી તકે બસ સ્ટેન્ડનું નવીનીકરણ કરવામાં આવે તેવી માંગ ગ્રામજનો દ્વારા તંત્રને કરવામાં આવી છે. આમ, આ બસ સ્ટેશન બિસ્માર હાલત તેમજ જર્જરિત હાલતમાં હોઈને જોખમ હોઈ તેને લઈને મુસાફરોને અનેક મુશ્કેલીઓઅનુભવવી પડી રહી છે. આ પીકઅપ સટેનડ જોખમી હોય તેને દુર કરીને તેજ સથળે નવીન પીકઅપ સ્ટેન્ડ મુસાફરજનતાના હીતમાં તંત્ર દ્વારા બનાવાય તેવી માંગ ઉઠેલ છે.

## સરસ્વતી ઉત્તર બુનિયાદી વિદ્યાલય લકડીપોયડા ખાતે લૂઈ બ્રેઈલના ૨૧૪ માં જન્મદિવસની ઉજવણી કરાઇ



દાહોદ,
સમગ્ર દુનિયાના પ્રજ્ઞાચક્ષુઓ માટે બ્રેઈલલિપીનું સર્જન કરનાર અને ફ્રાન્સમાં જન્મેલા લૂઈબ્રેઈલ જેમણે પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓ માટે જ્ઞાનના ચક્ષુ બનાવનાર અને પ્રજ્ઞાચક્ષુઓની વાંચનની કઠણાઈ દૂર કરનાર લૂઈબ્રેઈલ પણ પોતે નેત્રહીન હતા. જેમની ૨૧૪ મી જન્મ જયંતી લુણાવાડા તાલુકાના લાલસર ક્લસ્ટરમાં એકતા એજ્યુકેશનલ ચેરીટેબલ ટ્રસ્ટ બાયડ અને બ્લાઈન્ડ વેલફેર કાઉન્સિલ દાહોદના સહયોગથી લાલસર, ઉંદરા, જુફરાલી અને વરધરી ક્લસ્ટરના ધો. ૧ થી ૧૨ માં અભ્યાસ કરતા પ્રજ્ઞાચક્ષુ બાળકો અને શ્રમણમંદ બાળકો તેમજ તેમના સ્પે. શિક્ષકોને ઉપસ્થિત રાખીને કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લકડી પોયડા ગામના સરપંચ જુવાનસિંહના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યું. જેમાં સર્વ શિક્ષા અભિયાન મહીસાગર જિલ્લાના આઈ. ઈ. કોઓર્ડીનેટર રમણભાઈ વણકર તેમજ માધ્યમિક શિક્ષક સંઘ મહીસાગરના પ્રમુખ નિલેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. લૂઈ બ્રેઈલની જન્મ જયંતી નિમિત્તે પ્રજ્ઞાચક્ષુ બાળકોને બ્રેઈલકીટ, એબેક્સ, વાઈટકેન, ડેઝીપ્લેયર, ગરમ સ્વેટર, અને કપડા તેમજ શ્રવણમંદ બાળકોને શ્રવણયંત્ર આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે લકડીપોયડા ગામના સરપંચ દ્વારા ક્લસ્ટરના દિવ્યાંગ બાળકોને જ્યાં પણ જરૂર હોય ત્યાં મદદ કરવાની ખાતરી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન આઈ.ઈ.ડી.એસ.એસ. યોજના લાલસર ક્લસ્ટરના દિવ્યાંગ બાળકોના શિક્ષક જે.પી. સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પ્રજ્ઞાચક્ષુ બાળકો, વાલીઓ અને શાળામાં અભ્યાસ કરતાં બાળકો સ્ટાફ મિત્રો અને ગામલોકો ઉપસ્થિત રહ્યા હતા.

## પાવાગઢ યાત્રાધામ ખાતે રોપ-વે સેવા ભારે પવનને લઈ બે દિવસ બંધ રહેશે

પાવાગઢ,
પંચમહાલ જીલ્લાના પાવાગઢ યાત્રાધામ ખાતે ચાલતી રોપ-વે સેવાના ભારે પવનને લઈ યાત્રાળુઓની સુવિધાને ધ્યાનમાં લઈ બે દિવસ રોપ-વે સેવા બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો.

પાવાગઢ યાત્રાધામ સહિત જીલ્લામાં ઠંડા અને ભારે પવનનો સુસવાટા સાથે હાંજા ગગળી જાય તેવી ઠંડીએ જોર પકડ્યું છે. તેમાં પણ પાવાગઢ ડુંગર ઉપર ભારે પવનને લઈ ચાલીત રોપ-વે સેવાને બે દિવસ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રોપ-વે સંચાલન કરતી કંપની દ્વારા યાત્રિકોની સુવિધાને ધ્યાનમાં લઈને રોપ-વે સેવા બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## દાહોદના કાળી ગામના યુવકે સગીરાનું અપહરણ કરી મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચરતાં ફરિયાદ

દાહોદ,
દાહોદ તાલુકાના એક ૧૬ વર્ષીય સગીરાને દાહોદ તાલુકાના કાળીગામે પંચાલ ફળિયામાં રહેતા એક યુવકે સગીરાને દાહોદ શહેરની એક શાળાની બહારથી બળજબરી પુર્વક અપહરણ કરી લઈ નાસી જઈ લીમખેડાથી સૌરાષ્ટ્રમુકામે લઈ તેણીની મરજી વિરૂદ્ધ અવાર નવાર બળાત્કાર ગુજારતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

તા.૧૯મી ડિસેમ્બર ૨૦૨૨ના રોજ દાહોદ તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને દાહોદ તાલુકાના કાળીગામ ખાતે પંચાલ ફળિયામાં રહેતો રાહુલ પ્રકાશભાઈ પંચાલ નામક યુવકે સગીરા જે સમયે દાહોદ શહેર ખાતે આવેલ શાળાએ ભણવા જતી હતી તે સમયે સગીરાને શાળાની બહાર બોલાવી તેણીને ધાકધમકીઓ આપી, મારી નાંખવાની ધમકીઓ આપી, સગીરા છોકરા સાથે નહીં જાય તો તેણીને મારી નાંખવાની ધમકીઓ આપી સગીરાને બળજબરી પુર્વક એક રીક્ષામાં બેસાડી અપહરહણ કરી લઈ નાસી ગયો હતો અને લીમડીથી લીમખેડા તથા ત્યાંથી સૌરાષ્ટ્ર મુકામે લઈ જઈ રાહુલ પંચાલ દ્વારા સગીરાની મરજી વિરૂદ્ધ અવાર નવાર બળાત્કાર ગુજાર્યો હતો. સગીરા જેમ તેમ કરી ઉપરોક્ત યુવકના ચંગુલમાંથી છુટી પોતાના પરિવારજનો પાસે આવી હતી અને પોતાની સાથે બનેલ ઉપરોક્ત ઘટના વિશે પોતાના પરિવારજનોને આપવીતી કહેતા પરિવારજનોના પગ તળેથી જમીન સરકી ગઈ હતી અને સગીરા લઈ પરિવારજનો દાહોદ એ-ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં આ સંબંધે પોલીસે પોલીસે તાત્કાલિક ધોરણે યુવક રાહુલ પંચાલની અટકાયત કરી જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો. સમગ્ર મામલે પોલીસે તલસ્પર્શી તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે. જ્યારે પીડીતાને ન્યાય મળે અને યુવક રાહુલ પંચાલને કડકમાં કડક સજા કરવામાં આવે તેવી લાગણી અને માંગણી બળાત્કારનો ભોગ બનેલ પિડીતા તથા પિડીતાના પરિવારજનોમાં ઉઠવા પામી છે.

## સંતરામપુર ખાતે થશે જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

મહીસાગર,
પ્રજાસત્તાક દિન ઉજવણીના પૂર્વ તૈયારના ભાગ રૂપે આજ રોજ કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર ભાવિન પંડ્યાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ.

સંતરામપુર આઝાદ મેદાન ખાતે જિલ્લા કક્ષાનો પ્રજાસત્તાક દિન-૨૦૨૩ની ઉજવણી થનાર છે.જેને લઈ કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી અને કલેક્ટરએ વિવિધ વિભાગો દ્વારા પ્રજાસત્તાક દિન નિમિત્તે બેઠક વ્યવસ્થા, મંડપ વ્યવસ્થા, ટ્રાફિક નિયમન, પાર્કિંગ વ્યવસ્થા, વીજ પુરવઠો, પીવાના પાણીની વ્યવસ્થા, સાંસ્કૃતિક કાર્યક્રમ અને સાફ સફાઈ કામગીરી કરવા સૂચના આપી હતી.અને બેઠકમાં કાર્યક્રમની તમામ રૂપરેખા અંગે ચર્ચા કરાઈ. તમામ અધિકારીઓને યોગ્ય કામગીરી હાથ ધરવા સૂચન આપવામાં આવી હતી.

આ બેઠકમાં અધિક નિવાસી કલેક્ટર,જિલ્લા શિક્ષણાધિકારી, પ્રાયોજના વહીવતદાર, સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

**મહીસાગર જિલ્લા,ના સંતરામપુરના નાની સરસણ પ્રાથમિક શાળાના ધોરણ ૧ થી ૮ ના બાળકોને જંગલ પરીભ્રમણ, ટ્રેકિંગ પ્રકૃતિ શિક્ષણ શિબિર કરવામાં આવી. જેમાં શાળાના આચાર્ય દિનેશભાઈ પટેલના જન્મ દિન નિમિતે બાળકોને વન ભોજન આપ્યું. જેમાં મહીસાગર નેચર અને એડવેન્ચર ફોઉન્ડેશન દ્વારા બાળકોને પ્રકૃતિ, પહાડ, પક્ષી દર્શન, વન્ય જીવ શુંષ્ટિ ની માહિતી પ્રકૃતિ પ્રેમી મયુરભાઈ પ્રજાપતિ દ્વારા બાળકોને જંગલ પરિભ્રમણ કરવામાં આવ્યું. શિક્ષણની સાથે સાથે પ્રાકૃતિ શિક્ષણ પણ આવનારી ભવિષ્ય પેઢી માટે ખુબ જરૂરી છે.**



**તા.૦૫/૦૧/૨૦૨૩ ના રોજ The new English સ્કૂલ ખાતે રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત કાઉન્સીલીંગ સેશનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા એક્ટિવ પાર્ટસીપેશન કરવામાં આવ્યું અને ઈનામ વિતરણ કરવામાં આવ્યું તથા હેલ્થ સ્ટાફ દ્વારા તમાકુ નિયંત્રણ વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી. સદર પ્રોગ્રામમાં શાળાના તમામ સ્ટાફગણ, મ.પ.હે.સુ.એફ એચ.એસ.સી.એચ.ઓ-વિરણીયા અને મ.પ.હે.વ. વિરણીયા હાજર રહેલા હતા.**

# પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

## મહિલા ઉત્કર્ષની અનોખી ચેતના પ્રગટાવનાર ભગવાન સ્વામિનારાયણ અને તેમની ગુણાતીત ગુરૂપરંપરા


મહિલા દિન

- બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા હજારો બાલિકા-કિશોરી-યુવતી-મહિલાપ્રવૃત્તિ કેન્દ્રો, ૬૦ થી વધુ યુવતી પ્રશિક્ષણ શિબિરો અને ૧૦૦ થી વધુ પ્રતિભાવિકાસ પર્વો દ્વારા મહિલાઓ બની રહી છે. નિર્ભય, આત્મનિર્ભર અને પરિવારના સુખાકારીની આધારશિલા.
- BAPS સંસ્થા દ્વારા કરમસદ અને રાંદેસણ ખાતે દીકરીઓના સંસ્કારયુક્ત શિક્ષણના ધામ સમા વિશાળ વિદ્યાસંકુલો.
- પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી છેલ્લાં ૫૦ વર્ષથી મહિલા પ્રવૃત્તિનું પ્રકાશિત થઈ રહ્યું છે. સામાયિક પ્રેમવતી.
- યુવતીઓના વ્યકિતત્વ વિકાસ માટે BAPS WILL (Womens Ideals for Learning and Living) અંતર્ગત બાળઉછેર, મેનેજમેન્ટ, આરોગ્ય,અભ્યાસ, ફાઈનાન્સ વિષયક વ્યાખ્યાનો, સમૂહચર્ચાઓ અને શિબિરોના આયોજન.
- BAPS સંસ્થા દ્વારા આયોજિત દહેજમુકિત, વ્યસનમુકિત, મહોત્સવો, રાહતકાર્યો અને સામાજિક, સાંસ્કૃતિક સેવાકાર્યોમાં મહિલાઓની રચનાત્મક શકિતઓનો વિનિયોગ.
- પ્રમુખસ્વામી મહારાજ નગરમાં નારી ઉત્કર્ષ મંડપમાં મહિલા સેમિનારો, સંવાદો, અને કળા મંચ દ્વારા દ્વારા જોવા મળી રહી છે મહિલા ઉત્કર્ષની ઝલક.
- પ્રમુખસ્વામી મહારાજ નગરમાં બાળનગરીમાં Sea of Suvarna પ્રદર્શનમાં ૨૭૦ બાલિકાઓ દ્વારા પ્રાર્થના+પુરૂષાર્થ= સફળતા સૂત્રની મંત્રમુગ્ધ કરી દેતી રજૂઆત.
- પ્રમુખસ્વામી મહારાજ નગરમાં પ્રેમવતી ઉપાહાર ગૃહ સંપૂર્ણપણે મહિલાઓ દ્વારા સંચાલિત, ૨૫ કરતાં વધુ પ્રેમવતીઓમાં ૨૨૦૦ જેટલી મહિલા સ્વયંસેવિકાઓ છે કાર્યરત.

૧૮ મી સદીમાં જ્યારે સામાજિક, ધાર્મિક, નૈતિક અને રાજકીય ક્ષેત્રે મહિલાઓની સ્થિતિ દયનીય હતી. ત્યારે ભગવાન સ્વામિનારાયણે મહિલા ઉત્કર્ષની જ્યોતિ પ્રગટાવી હતી. ભગવાન સ્વામિનારાયણે કરેલાં નારી ઉત્કર્ષનાં કાર્યોમાં તેઓના સર્વતોમુખી ઉત્કર્ષ અને આધ્યાત્મિક વિકાસની ખેવના હતી.

ભગવાન સ્વામિનારાયણનાં કાર્યને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે વિશાળ ફલક પર વિસ્તાર્યું. BAPS સંસ્થાની મહિલા પાંખે દેશ-વિદેશમાં પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી આયોજનબદ્ધ વિકાસ સાધ્યો છે. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી થયેલું મહિલા ઉત્કર્ષનું કાર્ય સમગ્ર સમાજ માટે ઉપકારક સાબિત થયું છે.

કન્યા કેળવણીના પ્રખર પુરસ્કર્તા પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી કરમસદ અને રાંદેસણમાં વિશાળ વિદ્યસંકુલોની સાથે સાથે BAPS સંસ્થાના વિવિધ સત્સંગકેન્દ્રો દખાતે યોજાતી કારકિર્દી માર્ગદર્શન શિબિરો, વાંચન પર્વ, અભ્યાસ પર્વ, કેમ્પસ સભાઓ, સ્પોકન ઈંગ્લિશ વર્ગો, ઓડિયો-વિઝ્યુઅલ વર્કશોપ, સ્કોલરશીપ જેવી પ્રવૃત્તિઓ હજારો કિશોરીઓ-યુવતીઓની કારકિર્દી ઘડતરમાં ઉપકારક સાબિત થઈ રહી છે. પ્રતિસપ્તાહ યોજાતી હજારો મહિલા સત્સંગ સભાઓ મહિલાઓને પારિવારિક, સાંસ્કૃતિક, આધ્યાત્મિક ઉચ્ચતા તરફ આરોહણ કરાવી રહી છે.૧૯૭૫ થી આજપર્યંત મહિલા દિન નિમિત્તે દેશ વિદેશમાં યોજાતા સંમેલનો લાખો મહિલાઓ માટે તેઓના પ્રશ્નો પ્રત્યે વિશેષ જાગૃતિ કેળવનારાં બની રહ્યા છે.

: સંધ્યા કાર્યક્રમ :

- સાંજે ૪.૪૫ વાગ્યે ધૂન અને પ્રાર્થના સાથે કાર્યક્રમનો આરંભ થયો.
- આજના કાર્યક્રમમાં અનેકવિધ મહાનુભાવોએ પ્રમુખસ્વામી મહારાજને વાક-પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

: આજના આમંત્રિત મહાનુભાવો :

- મહામહિમ પાદરી ડો. ડોર્કાસ રિગાથી, સેકન્ડ લેડી - કેન્યા રિપબ્લિક.
- શ્રીમતી આનંદીબેન પટેલ, ઉત્તર પ્રદેશના રાજ્યપાલ.
- શ્રીમતી દર્શનાબેન જરદોશ, કેન્દ્રીય રાજ્ય મંત્રી ભારત સરકાર.
- શ્રીમતી મીનાક્ષી લેખી, કેન્દ્રીય રાજ્ય મંત્રી - ભારત સરકાર.
- શ્રીમતી રંજનબેન ભટ્ટ, સંસદ સભ્ય લોકસભા.
- રાજદૂત ઈરિન અચીંગ ઓલૂ, ભારતમાં કેન્યાના ડેપ્યુટી હાઇ કમિશનર.
- શ્રીમતી જસ્ટિસ અભિલાષાબેન કુમારી, ન્યાયિક સભ્ય - લોકપાલ સમિતિ.
- પ્રો. હેન્ના હી-સન કિમ, પ્રોફેસર અને માનવશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ એડેલ્ફી યુનિવર્સિટી.
- શ્રીમતી ગીતાબેન જે પટેલ, અમદાવાદ શહેરના ડેપ્યુટી મેયર.
- શ્રીમતી દર્શનાબેન વાઘેલા, ડેપ્યુટી મેયર - અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન.
- શ્રીમતી સુનૈના તોમર (IAS), એડ. મુખ્ય સચિવ - સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત.
- ડો.પાયલબેન કુકરાણી, ધારાસભ્ય - નરોડા (ગુજરાત).
- શ્રીમતી કંચનબેન રાદડીયા, ધારાસભ્ય - ઠક્કરબાપા નગર (ગુજરાત).
- ડો. જયંતિ એસ. રવિ, સેક્રેટરી - ઓરોવિલ ફાઉન્ડેશન.
- શ્રી હિતેશ ભટ્ટ, સ્થાપક અને સીટીઓ - ભટ્ટ ફાઉન્ડેશન ઈન્ક.

: પ્રમુખસ્વામી મહારાજ નગરમાં ૫ જાન્યુઆરી, ૨૦૨૩, ગુરૂવારના રોજ યોજાયેલ પ્રોફેશનલ કોન્ફરન્સ :

- આયોજકઃ Gujarat Institute of Civil Engineers and Architects (GICEA)
- AMCના ચીફ અર્બન પ્લાનર અને GICEA ના પ્રમુખ, ડો. વત્સલ પટેલે જણાવ્યું,
- પ્રમુખસ્વામી મહારાજ નગરના એવા ઘણા પાસાં છે. જે સિવિલ એન્જિનિયર અને આર્કિટેક્ટસ માટે પ્રેરણારૂપ છે.
- વિખ્યાત આર્કિટેક્ટ અને CEPT યુનિવર્સિટીના પ્રમુખ પદ્મશ્રી ડો. બિમલ પટેલે જણાવ્યું સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટની આવશ્યકતા વિષે જણાવ્યું.
- Low Carbon Construction Forum ના ફાઉન્ડર-ડિરેક્ટર શ્રી વિજયકુમાર કુલકર્ણી ગ્રીન હાઉસ ગેસ, હવામાનમાં થઈ રહેલા ફેરફારો અને તે સંબંધિત સિવિલ એન્જિનિયર અને આર્કિટેક્ટસની જવાબદારી વિષયક રજૂઆત કરી.

BAPS ના પૂ. ડો. જ્ઞાનવત્સલ સ્વામીએ જણાવ્યું, ૨૦૦૧ ના ભૂકંપ બાદ ઈઅડજસંસ્થા અને ગુજરાત સરકાર દ્વારા પુનર્વસન હાથ ધરવામાં આવ્યું હતું. પ્રમુખસ્વામી મહારાજે તે સમયે સિવિલ એન્જિનિયર્સ અને આર્કિટેક્ટસને સૂચન કર્યું હતું કે, નવનિર્મિત ગામ ત્યાંનાં લોકજીવન અને જીવનશૈલીને અનુરૂપ હોવું જોઈએ. પ્રમુખસ્વામી મહારાજ લોકોની જરૂરિયાતોને યથાર્થ સમજી શકતા. પ્રમુખસ્વામી મહારાજ નગર Use, Reuse and No abuse ના વિચાર સાથે સર્જન પામ્યું છે. અહી ૧૦ લાખ કરતાં વધુ ફૂલ છોડ રોપવામાં આવ્યા છે. ૧૭૦ જેટલી પાણીની પરબ છે. સમગ્ર નગર, શૌચાલયો વગેરે અત્યંત સ્વચ્છ છે.

## આપની આજ.......

મેષ : આજે સંપત્તિનો વિસ્તાર થશે અને જીવનધોરણમાં સુધારો થશે. વૃદ્ધ વ્યક્તિ પાસેથી પૈસા મળી શકે છે. નોકરી અને ધંધામાં સહયોગીઓની ભાગીદારી અને સહયોગ પૂરતા પ્રમાણમાં મળશે.

વૃષભ : આજે દિવસના પહેલા ભાગમાં તમારી મહેનત મુજબ ફળ નહીં મળવાના કારણે તમને માનસિક પીડા થઈ શકે છે. તાજા વિચારો મનમાં આવતા હોવાથી કોઈ નક્કર નિર્ણય લેવો મુશ્કેલ બનશે.

મિથુન : દિવસ વ્યસ્ત રહેવાના કારણે ઈચ્છા અધૂરી રહી શકે છે. બપોર પછી જોખમી કાર્યો ટાળવાનો પ્રયાસ કરો, નહીં તો તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો.

કર્ક : આજે તમે કાર્યોની વિપુલતાને કારણે મૂંઝવણમાં આવી શકો છો. મહેનતનું યોગ્ય પરિણામ તમને મળશે નહીં બપોર સુધી કામમાં વિક્ષેપોના કારણે નિરાશ થશો.

સિંહ : દિવસના પહેલા ભાગમાં સ્થિતિઓ પ્રતિકૂળ રહેશે. નિર્ધારિત કાર્યમાં વિલંબના કારણે દોડવું પડી શકે છે.

કન્યા : આજે રોજગાર ક્ષેત્રે થઈ રહેલા પ્રયત્નોને કારણે આર્થિક સમસ્યાઓ હલ થશે. જાહેર ક્ષેત્ર તરફથી કોઈ સારા સમાચાર મળવાની સંભાવના છે. બેરોજગાર વ્યક્તિઓને રોજગાર મળે તેવી સંભાવના રહેશે.

તુલા : આજે મોટાભાગના સમયમાં તમારી ચંચળતા વધારે રહેશે. મહત્વપૂર્ણ કાર્યોમાં બેદરકારી બતાવશો અથવા શક્તિનો અભાવ પણ કાર્ય ખોટમાં પરિણમી શકે છે.

વૃશ્ચિક : ક્ષેત્રમાં અતિરિક્ત જવાબદારી અને ધાર્મિક કાર્યમાં વ્યસ્તતા વધશે. સંપત્તિમાં વધારો અને સંપત્તિથી આવક વધશે. બપોરે ધાર્મિક કાર્યમાં વધુ રસ રહેશે. ધાર્મિક કાર્યક્રમોમાં હાજરી આપશે.

ધનુ : આજે દિવસનો પહેલો ભાગ તમારી આશાઓની વિરુદ્ધ રહેશે. આવક કરતા વધારે ખર્ચ કરીને પૈસાના અભાવનો અનુભવ થશે. કોઈ મહત્વપૂર્ણ કાર્ય માટે કોઈની પાસેથી લોન લેવાની સંભાવના પણ હોઈ શકે છે.

મકર : આળસને કારણે સરકારી કાર્યો અધૂરા રહી શકે છે. નવી યોજનાઓ લેતા પહેલા નુકસાન-નફાની સમીક્ષા કરો. બૌદ્ધિક કાર્ય અને લેખન વગેરેથી પણ આવક થશે પરંતુ ગુસ્સો ટાળો.

કુંભ : આજના દિવસે મેદાનમાં વ્યસ્તતા વધુ રહેશે. સમયસર કરાર પૂરો ન કરવા બદલ ટીકા થઈ શકે છે. ઘરમાં માંગલિક કાર્યોનું આયોજન કરવાથી મનમાં આનંદ અને વ્યસ્તતા રહેશે.

મીન : આજે તમે બેપરવાઈ રહેવાના કારણે નુકસાન સહન કરી શકો છો. સવારથી જ મુસાફરીની પર્યટનનું આયોજન કરવામાં આવશે, કાર્યક્ષેત્રમાં વધુ ધ્યાન આપ્યા પછી પણ તમારે નાના ફાયદાથી સંતુષ્ટ થવું પડી શકે છે.

# દાહોદના ગોધરા રોડ ઉપર દુકાન આગળ ગુજરાત ગેસ પાઈપ લાઈનની ડીપી મુકવાના મામલે વિરોધ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરના ગોધરા રોડ ખાતે ગુજરાત ગેસ પાઈપ લાઈન દ્વારા એક દુકાનની આગળ ગેસની ડીપી મુકી દેતાં દુકાન માલિક સહિત આસપાસના લોકો દ્વારા આ ગેસની ડીપીનો ભારે વિરોધ દર્શાવ્યો હતો. ત્યારે દાહોદ નગરપાલિકાના કર્મચારીઓ સ્થળ પર દોડી જતાં આ મામલે દુકાનદાર તેમજ નગરપાલિકા કર્મચારીઓ વચ્ચે તું.. તું.. મેં..મેં.. ના દ્રશ્યો પણ સર્જાયા હતા.

દાહોદ શહેરમાં હાલ સ્માર્ટ સીટી અંતર્ગત કામગીરી ચાલી રહી છે. ત્યારે દાહોદ શહેરમાં આવેલ ગોધરા રોડ ખાતે ગુજરાત ગેસ પાઈપ લાઈન દ્વારા એક દુકાનની આગળ ગેસની ડીપી મુકી દેવામાં આવી છે. ત્યારે આ ડીપીની બીલકુલ પાછળ એક દુકાન આવેલ છે. આ દુકાનના માલિક સાથે સાથે સ્થાનીક રહીશો દ્વારા આ ગેસની ડીપીનો ભારે વિરોધ નોંધાંવ્યો છે. ત્યારે દુકાનદારો તેમજ આસપાસના લોકો દ્વારા આ મામલે દાહોદ નગરપાલિકા ખાતે જઈ આ મામલે રજુઆત કરતાં દાહોદ નગરપાલિકાના કેટલાંક કર્મચારીઓ સ્થળ પર દોડી ગયાં હતાં અને આ મામલે દુકાનદારો, સ્થાનીક રહીશો તેમજ નગરપાલિકાના કર્મચારીઓ વચ્ચે તું.. તું.. મેં.. મેં.. ના દ્રશ્યો પણ સર્જાયા હતા. દુકાનદાર તેમજ સ્થાનીક રહીશોના જણાવ્યાં અનુસાર, દુકાનની થોડે નજીકજ લાઈટની ડીપી પણ આવેલ છે જેને પગલે ભવિષ્યમાં હોનારત પણ સર્જાઈ શકે છે, તે માટે જવાબદાર કોણ ? જે મામલે પોતે આ ગેસની ડીપીનો વિરોધ કરી રહ્યાં છે, તેમ દુકાનદાર અને સ્થાનીકો દ્વારા જણાવ્યું હતું. ત્યારે દાહોદ નગરપાલિકાના કર્મચારીઓ દ્વારા પોતાની સાથે ઉદ્દ્યતાઈ પુર્વકનું વર્તન કરી ગેસની ડીપી ખસેડવામાં નહીં આવે તેમજ તમારૂં બાંધકામ ગેરકાદયેસર હોવાથી ભવિષ્યમાં તુટી જશે તેવી પણ ધાકધમકીઓ આપી હતી અને તમારાથી થાય તે કરી લો, તમને જોઈ લઈશું, તેવી નગરપાલિકા કર્મચારીઓ દ્વારા ધાકધમકી આપી હોવાના આક્ષેપો દુકાનદાર તેમજ સ્થાનીક લોકો દ્વારા કરવામાં આવ્યાં છે. ત્યારે દાહોદ નગરપાલિકા આ મામલે ગુજરાત ગેસ પાઈપ લાઈનના કર્મચારીઓ પાસે જવાનું કહે છે અને ગેસ પાઈલ લાઈનના કર્મચારીઓ દાહોદ નગરપાલિકા પાસે જઈ નિરાકરણ કરવાનું કહે છે. તેવા આક્ષેપો પણ દુકાનદાનદાર તેમજ સ્થાનીક લોકો દ્વારા કરવામાં આવી રહ્યાં છે.

# દાહોદ ખાતે ઝોન કક્ષાનો રમતોત્સવનો પ્રારંભ કરાવતા સાંસદ જસવંતસિંહ ભાભોર



દાહોદ,

રેલ્વે સ્પોર્ટસ સંકુલ, દાહોદ ખાતે ઝોન કક્ષાનો રમતોત્સવનો પ્રારંભ સાંસદ જસવંતસિંહ ભાભોરે કરાવ્યો હતો. આ રમતોત્સવમાં દાહોદ, રાજપીપળા, વડોદરા, છોટા ઉદેપુર, આણંદ, કઠલાલ, સંતરામપુર, પંચમહાલના ૩૦૦ થી પણ વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ રમતોત્સવ જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, દાહોદ આયોજીત મધ્ય ગુજરાત ઝોનના ડાયટ-સરકારી-ગ્રાન્ટેડ સંસ્થાઓના ડી.એલ.એડ. અને બીએડ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ યોગનું સુંદર નિર્દશન કરતા લોકો મંત્રમુગ્ધ બન્યા હતા. રમતોત્સવમાં દોડ, લાંબી કુદ, વોલીબોલ, ખોખો, યોગ સહિતની રમતો સામેલ કરાઈ છે.

ઝોન કક્ષાના રમતોત્સવનો પ્રારંભ કરાવતા સાંસદ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, દાહોદ જિલ્લાનો સર્વાંગી વિકાસ થાય એ માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશના ૧૧૫ મહત્વાંકાક્ષી જિલ્લાઓમાં દાહોદનો સમાવેશ કર્યો છે. તદ્દઉપરાંત સ્માર્ટ સીટી તરીકે દાહોદ નગરનો પણ કરોડોના ખર્ચે વિકાસ કરાઈ રહ્યો છે. પ્રધાનમંત્રીએ દાહોદને રૂ. ૨૦ હજાર કરોડના રેલ્વે એન્જિન માટેના પ્રોજેક્ટની ભેટ ધરી છે ત્યારે દાહોદ જિલ્લો રમત ગમત ક્ષેત્રે પણ આગળ વધી રહ્યો છે.

તેમણે જણાવ્યું કે, વિશ્વભરમાં યોગ દિવસની ઉજવણી કરાઇ છે તેમાં પ્રધાનમંત્રી મોદીનું મહત્વનું પ્રદાન છે. તેમણે યોગ તેમજ ફીટ ઈન્ડિયા જેવા અભિયાનો થકી દેશને રમત ગમત ક્ષેત્રે નવી રાહ ચીંધી છે. આપણો દાહોદ જિલ્લામાં પણ ઉત્તમ ખેલાડીઓ છે. તેમને પ્રોત્સાહન મળે અને તેઓ રાજ્ય અને દેશમાં પોતાનું નામ રોશન કરે એ માટેની તમામ સુવિધાઓ સરકાર દ્વારા અપાઈ રહી છે. ત્યારે આજના રમતોત્સવમાં સૌ ખેલાડીઓ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે એ માટેની સાંસદએ શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ યોગના અવનવા કૌશલ બતાવનારા ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ વેળા ધારાસભ્ય સર્વે મહેશભાઇ ભૂરીયા, કનૈયાલાલ કિશોરી, મહેન્દ્રભાઇ ભાભોર, નગરપાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ સહિતના પદાધિકારીઓ તેમજ અગ્રણીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મયુર પારેખ સહિતના અધિકારીઓ તેમજ ખેલાડીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# દે.બારીયા તાલુકાના પીપલોદ ગામના યુવકનો ખોવાઈ ગયેલ ચેક મળતા રૂપિયા ૪૫ લાખની રકમ ઉપાડવા જતા મેનેજર અવઢવમાં મુકાયા

## ચેકમાં સહી કરેલ હોય ચેક ખોવાઈ જતા તરતજ બેંક ખાતું બંધ કરાવ્યું

દાહોદ,

પ્રાપ્ત વિગતો મુજબ દેવગઢ બારીયા તાલુક ના પીપલોદ ગામ ખાતે દાહોદ રોડ ઉપર રહેતા અને જમીન લે-વેચનો ધંધો કરનાર વેપારી ભાવિક રાકેશ જયસ્વાલ ગઈ તા ૧/૧/૨૦૨૩ ના રોજ પોતાના કામ અર્થે પીપલોદ થી દેવગઢ બારીયા ગયેલ હતો અને તેની પાસે થેલીમાં જરૂરી કાગળોની ફાઈલો સહીત પોતાના બેંક ખાતાનો એક સહી કરેલ કોરો ચેક પણ હતો. ભાવિક જયસ્વાલને ક્યાંક આ ચેક પડી ગયો હોવાની જાણ મોડેથી થઈ હતી, જેથી બીજાં દિવસ તા.૨/૧/૨૦૨૩ ના રોજ પીપલોદ ખાતે આવેલી બેંક ઑફ બરોડા શાખામાં સમયસર પહોંચી પોતાની આપવીતી ફરજ ઉપરના અધિકારીને જણાવી પોતાનું બેંક ખાતું બંધ કરી દેવા માટે તરતજ લેખિત અરજી આપતાં તેનું ખાતું બંધ કરવામાં આવ્યું હતું અને તા.૩/૧/૨૦૨૩ ના રોજ દેવગઢબારીયા ખાતે આવેલ બેંક ઑફ બરોડા શાખામાં પીપલોદના યુવકના ખોવાઈ ગયેલ ચેક ઉપર રૂપિયા ૪૫ લાખ જેટલી મોટી રકમનો આંકડો ભરી બેંક ઑફ બરોડા દેવગઢ બારીયા શાખામાં દેવગઢ બારીયા શહેરના એક મહીલા એ જમા કરાવતા બેંકના જવાબદાર અધિકારી પણ તરતજ આટલી મોટી રકમ ચેકમાં ભરેલી જોઈ સ્તબ્ધ થઈ ગયા હતા અને તે ચેકના ખાતા ધારકનું ખાતું પીપલોદ શાખામાં હોય તરતજ પીપલોદ બેંક ઑફ બરોડાના અધિકારીને આ અંગે જાણ કરતા માલુમ પડ્યું હતું કે, આ કોરો ચેક સહી કરેલો ક્યાંક ખોવાઈ ગયો હતો અને તેના ખાતા ધારકે લેખિત અરજી આપી બેંક ખાતું બંધ કરાવેલ છે. જેથી ૪૫ લાખ જેટલી મોટી રકમ ખાતા માંથી ઉપડી જતા રોકાઈ ગઈ હતી.

આ રકમનો ચેક લઈને ૪૫ લાખ જેટલી મોટી અને ખોટી રકમ ભરી નાણાં ઉપાડી લેવા આવનાર સામે કાયદાકીય પગલાં લેવા પીપલોદના ભાવિક રાકેશ જયસ્વાલે પીપલોદ પોલીસ મથકમાં લેખિત ફરિયાદ આપતાં પોલીસ તરતજ દેવગઢ બારીયા ખાતે મળેલ જગ્યા એ તપાસ કરતા મહીલા હાલમાં કયાંક બહારગામ જતા રહી હોવાની માહિતી મળી છે.

# દાહોદ શહેરમાં ચાઈનીઝ દોરીનું વેચાણ કરતાં મહિલા સહિત બેની અટકાયત



દાહોદ,

દાહોદ શહેરમાં પતંગના દોરાથી અકસ્માત ન સર્જાય તે માટે શહેરમાં ગેરકાયદેસર ચાઈનીઝ દોરીનો વેપાર કરતાં એક મહિલા સહિત બે જણાની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

ઉત્તરાયણ પર્વની ઉજવણી કરવા દાહોદ શહેર જિલ્લાવાસીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે ખાસ કરીને ચાઈનીઝ દોરથી ઉત્તરાયણ પર્વમાં ઘણા અકસ્માતો સર્જાતા રહે છે. ભુતકાળમાં આવા ચાઈનીઝ દોરીથી ઘણા લોકોના ગળા, હાથ, પગે વિગેરે શરીરે ઈજાઓ પહોંચવા પામી હતી. ત્યારે આવા ગેરકાયદેસર ચાઈનીઝ દોરીનું વેચાણ કરતાં વેપારીઓ સામે પોલીસ તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. ત્યારે દાહોદ શહેરમાં આવાજ ગેરકાયદેસર ચાઈનીઝ દોરીનું વેચાણ થતું હોવાની દાહોદ એ. ડિવીઝન પોલીસને માહિતી મળતાં પોલીસે દાહોદ શહેરના કસ્બા પીંજારવાડા તથા દાહોદ શહેરના ગોધરા રોડ સાંસીવાડ વિસ્તારમાં ઓચિંતો છાપો મારતાં ગેરકાયદે ચાઈનીઝ દોરીનું વેચાણ કરતાં જાવેદભાઈ મજીદભાઈ પીજાસ (રહે. દાહોદ, કસ્બા, પીંજારવાડા, તા.જિ.દાહોદ) અને જોશનાબેન અરૂણભાઈ સીસોદીયા (રહે. દાહોદ, ગોધરા રોડ, સાંસીવાડ, તા.જિ.દાહોદ) નાની પોલીસે ગેરકાયદેસર ચાઈનીઝ દોરી વેચતા અટકાયત કરી દાહોદ એ. ડિવીઝન પોલીસે ઉપરોક્ત બંન્ને વ્યકિતઓ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદ તાલુકાના મહુડી મુકામે ધારાસભ્ય મહેશ ભૂરિયા દ્વારા નલ સે જળ યોજના અંતર્ગત પીવાના પાણી માટે ભૂગર્ભ ટાંકાનુ ખાત મુહૂર્ત કરાયું



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના મહુડી મુકામે ગ્રામજનોના વિશેષ આગ્રહ થી આજ રોજ ધારાસભ્ય મહેશ ભૂરિયા મુખ્ય મહેમાન તરીકે આવેલ હતા. ધારાસભ્ય મહેશ ભૂરિયાનું સ્વાગત ઉપસ્થિત સહુ લોકોએ ભારતીય પરંપરા મુજબ કરવામાં આવ્યું તેમજ ધારાસભ્ય મહેશ ભૂરિયાના સન્માનમાં વિવિધ પ્રોગ્રામો પણ રાખવામાં આવ્યા હતા. ધારાસભ્ય મહેશ ભૂરિયા દ્વારા નવા વર્ષમાં મહુડી મુકામે સ્વચ્છ પાણી મળી રહે તે માટે ભૂગર્ભ ટાંકાનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું.

ભારત સરકાર દ્વારા ૨૦૨૪ સુધીમાં દરેક વિસ્તારના પીવાનું સુદ્ધ પાણી મળી રહે તે અંતર્ગત મહુડી મુકામે ધારાસભ્ય મહેશ ભૂરિયા દ્વારા પાંચ લાખ લિટરનો પાણીનો ભૂગર્ભ ટાંકાનુ ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું. તે ટાંકા માટે ધારા સભ્ય મહેશ ભૂરિયા દ્વારા ૧૮ લાખ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી.

આ પ્રોગ્રામમાં ભાજપ પ્રમુખ મૂકેશ પરમાર, ઝાલોદ શહેર પ્રમુખ દિનેશ પંચાલ, મહામંત્રી સુરેશ ભાભોર, ઝાલોદ તાલુકા પંચાયત ઉપપ્રમુખ અનિતા મછાર, એ.પી.એમ.સી સભ્ય જાયસીંગ વસૈયા, માલધારી સેલ જગુ ગુર્જ્જર, મહુડી સરપંચ સૂરમલ ગરાસીયા, પૂર્વ તાલુકા પ્રમુખ મૂકેશ ડામોર તેમજ અન્ય ગામોના સરપંચો તેમજ મહુડી ગામના આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ફતેપુરાના સુખસર ગામેથી આઈસરમાં લઈ જવાતો ખાદ્ય તેલનો જથ્થો ઝડપી ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે નમુના લીધા

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના સુખસર ગામેથી પોલીસે એક આઈસર ટેમ્પા ટ્રકમાંથી ખાદ્ય તેલના ૧૫ લીટરના જથ્થા સાથે જથ્થો ઝડપી પાડી આ ખાદ્ય તેલના બીલની વિગત તપાસતા પોલીસ અને સ્થાનીક મામલતદારને સુસંગતતા જણાતા આ મામલે ફતેપુરા મામલતદાર દ્વારા ખાદ્ય તેલની તપાસ કરી જરૂરી નમુના લેવા માટે ફુડ એન્ડ ડ્રગ્સ ઈન્સ્પેક્ટરની કચેરી, દાહોદ જિલ્લા સેવા સદનને રજુઆત કરી હોવાનું જાણવા મળે છે.

ગત તા.૦૩ જાન્યુઆરીના રોજ સુખસર નગરમાંથી આઈસર ટેમ્પા ટ્રકમાંથી સુખસર પોલીસે તીરૂપતિ કપાસીયા તેલના અળગ અળગ પેકેટમાં કુલ ૨૪૮ લીટર, કિશાન મગફળી તેલ લખેતા ૧૫ લીટરના ૧૬ ડબ્બા, તુલસી રીફાઈન્સ તેલ લખેતા ૧૫ લીટરના ૬ ડબ્બા, ઈન્ડીયન વાઈટ સુગર લખેલા ખાંડના ૧૫ કટ્ટા અને ૪ પેકેટ ખજુરના બોક્ષ વિગેરે સામાન પોલીસને આઈસર ટેમ્પા ટ્રકમાં નજરે પડતાં પોલીસે વાહનના ચાલકનો જવાબ લેતા અને તેની પાસે રહેલ બીલની વિગત તપાસના સુસંગતતા જણાઈ હતી. આ મામલે સ્થાનીક પોલીસ ફતપુરા મામલતદારને જાણ કરતાં મામલતદારની ટીમ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી અને તેઓને પણ આ મુદ્દામાલના બિલની તપાસમાં સુસંગતતા જણાઈ હતી. વધુમાં જાણવા મળ્યાં અનુસાર, ઉપરોક્ત ગાડીના ચાલક દ્વારા આ વાહન મહેશ મસાલા ગૃહ ઉદ્યોગ બાલાસીનોર ખાતેથી લાવેલ હોવાનું જવાબમાં જણાવ્યું હતું. પોલીસ તેમજ મામલતદારને આ ખાદ્ય તેલ શંકાસ્પદ લાગતા તેની તપાસ જરૂરી બની હોવાનું જણાતા આ મામલે ફતેપુરાના મામલતદાર દ્વારા ઉપરોક્ત વાહન તથા વાહનમાં રહેલ ખાદ્ય તેલ સહિતનો મુદ્દામાલ કબજે કરી આ મામલે ખાદ્ય તેલની ચકાસણી અને તપાસ થાય તેવા હેતુસર ફુડ એન્ડ ડ્રગ્સ ઈસ્પેક્ટર, જિલ્લા સેવા સદન, દાહોદને રજુઆત કરી તમામ પુરાવાઓ રજુ કર્યાં હતાં અને આ ખાદ્ય તેલના નમુનાઓની ચકાસણી કરવામાં આવે તે માટે આગળની કાર્યવાહી કરવામાં આવે લેખિત જાણ કરવામાં આવી છે.

# ગરબાડા દાહોદ નેશનલ હાઈવે પર પેટ્રોલ પંપ નજીક બે બાઈકો વચ્ચે અકસ્માત



ગરબાડા,

ગરબાડા દાહોદ નેશનલ હાઈવે પર અવારનવાર બાઈક ચાલકોની ગફલત અને બેદરકારીના લીધે અકસ્માતો સર્જાતા હોય છે. જેમાં આજે વધુ એક ગરબાડા નેશનલ હાઈવે પર પેટ્રોલ પંપ નજીક બે બાઈક સામસામે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં બાઈક ચાલકોને ઈજા પહોંચતા તેને ૧૦૮ મારફતે સારવાર માટે દાહોદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતની ઘટનાની જાણ થતા ગરબાડા પોલીસ પણ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# સંજેલી નગરમાં આખલાનું અવર-જવર બંધ : વાહન ચાલકોના જીવ તાળવે ચોંટ્યા



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

- બંને આખલાનું યુદ્ધ છુટા પાડવા પાણી તેમજ લાકડીઓ વડે છુટા પાડવામાં આવ્યા.
- સંજેલીમા આખલા વચ્ચે યુદ્ધ થતા સ્થાનિકો તેમજ વાહન ચાલકો માં નાસભાગ મચી.

સંજેલી,

રખડતા પશુઓને લઈ નાના મોટા અકસ્માતના ભોગ બનતા હોય છે અનેક વાહન ચાલકો સહિત પોતાનો જીવ ગુમાવ્યું છે. ત્યારે સંજેલી સંતરામપુર રોડ પર આખલાએ સામ સામે આવી જતા કલાકો સુધી રાહદારીઓનો જીવ તાળવે ચોંટી ગયા હતા. આખલા એ સામસામે બાખડતા અવરજવર કરતા રાહદારી તેમજ વાહન ચાલકો દ્વારા રોડ પરથી પસાર કરવું ભારે મુશ્કેલ પડ્યું હતું. સંજેલી નગરમાં માથાને દુખાવો બનેલ રખડતા ઢોરોની સમસ્યા દિન પ્રતિદિન વધતી જોવા મળી રહી છે. અગાઉ પંચાયત તંત્ર દ્વારા ઢોરોનું નિરાકરણ માટે સંજેલી નગરમાં ભૂંગળું ફુકાયું હતું. ઢોરો ને છુટા મુકનાર ઢોર માલિક ને સામે દંડની કાર્યવાહી કરવાની ચીમકી ઉચ્ચારી હતી આ મામલા પર ઠંડુ પાણી ફેરવી દેવામાં આવ્યું હોય તેવું નજર પડી રહ્યું છે. તેમજ રોડની સાઈડમાં રખડતા ઢોરો જોવા મળી રહ્યા છે. આખલાની લડાઈ વચ્ચે ચક્કા જામ જેવી સ્થિતિ ઉભી થઈ હતી. તેમજ રોડની સાઈડમાં પાર્ક કરેલા વાહનો કચ્ચરઘાણ કરે છે. રખડતા ઢોરોને કારણે ખેડૂતોના ખેતરમાં મકાઈ ઘવ જેવા પાકનો મોટાપાયે નુકસાન કરતા જોવા મળી રહ્યા છે. પંચાયત તંત્ર દ્વારા રખડતા ઢોરોને પકડી તેને યોગ્ય જગ્યાએ રાખવા માટેની સુવિધા ઉભી કરવામાં આવે અને રખડતા ઢોરોને રખડતા મુકનાર ઢોરો માલિક સામે દંડની કાર્યવાહી કરવામાં આવે તેવી સંજેલી નગર ખેડૂતોની લાગણી અને માંગણી છે. સંજેલી પંચાયત તંત્ર દ્વારા ક્યારે પગલાં ભરવામાં આવશે તે હવે જોવું રહ્યું.

# દાહોદના અભલોડની વિવેકાનંદ માધ્યમિક શાળામાં વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણનું ભવ્ય પ્રદર્શન યોજાયું



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

દાહોદ જિલ્લા કક્ષાનું ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૩ નું આયોજન ગરબાડા તાલુકાની વિવેકાનંદ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા અભલોડ ખાતે યોજવામાં આવ્યું હતું. આધુનિક વિજ્ઞાનની ક્ષિતિજો સર કરવા કૃતનિશ્ચયી રહેલા ભારત અને સ્વર્ણિમ ગુજરાતના ભાવિ ઘડવૈયા એવા સમગ્ર દાહોદ જિલ્લાના પ્રતિભાશાળી વૈજ્ઞાનિકોની વિશિષ્ટ કૃતિઓની વૈવિધ્યપૂર્ણ સર્જનાત્મકતા એટલે વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શન ટેક્નોલોજી અને રમકડાં આ કાર્યક્રમમાં ૨૫ જેટલી કૃતિઓ પ્રદર્શનમાં ભાગ લેવા માટે આવી હતી. જેમાં અને ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ માટેની કૃતિઓ પ્રદર્શનીનીમાં મુકાઈ હતી. આમાંથી જે પ્રદર્શની વિજેતા બનશે તે પ્રદેશ કક્ષાએ ભાગ લેવા માટે જશે. ઉપસ્થિત મહાનુભાવોએ પેહલા પ્રદર્શનીને નિહાળી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. દાહોદ જિલ્લાના સાંસદ જસવંતસિંહ ભાભોર એ જણાવ્યું હતું કે દેશના લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતા. ત્યારે તેઓએ શિક્ષણમાં અને ગણિત-વિજ્ઞાન માટે અવિરત કામગીરી કરી આવનાર વર્ષોમાં આ વિદ્યાર્થીઓ ભારતનું નામ રોશન કરે તે માટે અવિરત પ્રયાસો કર્યા હતા અને આજે પણ કરી રહ્યા છે. આ કાર્યક્રમમાં દાહોદ જિલ્લા સાંસદ જશવંતસિંહ ભાભોર, ગરબાડાના ધારાસભ્ય મહેન્દ્ર ભાભોર, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મયુર પારેખ, ગુજરાત ખેત વિકાસ પરિષદના મંત્રી લાલસિંહ પારગી, શિક્ષકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સફળ સંચાલન નીલકંઠ ઠાકર એ કર્યું હતું.




તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ આઈ.કે. દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનું વાર્ષિક ઈન્સ્પેકશન (એન્યુઅલ ઈન્સ્પેકશન) ગોધરા સાયન્સ કોલેજના આચાર્ય એમ.બી. પટેલ અને લીમખેડા સાયન્સ કોલેજના આચાર્ય યોગેશ પટેલ સાથે કરવામાં આવ્યું. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના એક્ઝિક્યુટિવ કાઉન્સિલ મેમ્બર નરેન્દ્ર સોનીએ વિદ્યાર્થીઓ સાથે જરૂરી વાતચીત કરી અને ઉપસ્થિત શિક્ષકોને જરૂરી સૂચનો તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું.

# દાહોદમાં સાયબર જાગૃતિ માટે વિવિધ વિસ્તારોમાં સેમીનાર યોજયો

દાહોદ,

દાહોદમાં સાયબલ સેલ દ્વારા સાયબર જાગૃતિ દિવસ અનુસંધાને સાયબર સિક્યુરીટી વિષય ઉપર દાહોદ જિલ્લાના જુદા જુદા વિસ્તારોની શાળાઓમાં સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું અને જેમાં સાયબર જાગૃતિ અંગે માહિતી આપવામાં આવી હતી.

દેશભરમાં સાયબર ક્રાઈમની ઘટનાઓ વધતાં પોલીસ તંત્ર સહિત સરકાર ચિંતામાં મુકાઈ છે ત્યારે આવા સાયબર ક્રાઈના ગુન્હાઓને અટકાવવા માટે પોલીસ તંત્ર તેમજ સરકાર દ્વારા લોકોને જાગૃત રહેવા અવાર નવાર અપીલ પણ કરવામાં આવી રહી છે. ત્યારે સાયબર જાગૃતિ દિવસ અનુસંધાને દાહોદ જિલ્લામાં સાયબર સેલ, દાહોદ દ્વારા સાયબર સિક્યુરીટી વિષય ઉપર દાહોદ જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં જેવા કે, દાહોદ, દેવગઢ બારીઆ, ધાનપુર, કતવારા, દાહોદ તાલુકા વિગેરે જેવા ગામોમાં સાયબર સેલ, દાહોદ દ્વારા સેમીનારનું શાળાઓમાં આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળાના બાળકોને સાયબર સિક્યુરીટી વિષય ઉપર વિદ્યાર્થીઓને ક્રાઈમ શું છે ? ક્યાં ક્યાં પ્રકારના સાયબર ક્રાઈમ કરવામાં આવે છે ? સાયબર બુલીંગ અને સાયબર ગ્રુમીંગ શું છે ? શોસીયલ મીડીયા એકાઉન્ટ ઓપરેટ કરતી વખતે શું સાવધાની રાખવી ? સાયબર સિક્યુરીટી અને સાયબર સેફ્ટી શું છે ? સાયબર ક્રાઈમથી બચવા માટે શું સાવધાની રાખવી ? સાયબર ક્રાઈમનો બનાવ બને તો ઓફલાઈન તેમજ ઓનલાઈન કેવી રીતે ફરિયાદ લખાવવી, ફરિયાદ લખાવતી વખતે ક્યાં ક્યાં ડોક્યુમેન્ટ સાથે રાખવા આ તમામ મુદ્દાઓની વિદ્યાર્થીઓને સમજણ આપવામાં આવી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.116

તા.૦૬/૦૧/૨૦૨૩
શુક્રવાર

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે મુલાકાતમાં આવેલ

# પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજરને ધારાસભ્ય દ્વારા બંધ થયેલ ટ્રેન શરૂ કરવા અને નવી ટ્રેનને સ્પોટજ માટે લેખિત રજુઆત કરી

## શહેરા ભાગોળ અન્ડરપાસની કામગીરી શરૂ કરવા માટે રજુઆત



ગોધરા,
ગોધરા રેલ્વે સ્ટેશનની મુલાકાત માટે પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર આવ્યા હતા. તેમના દ્વારા રેલ્વે સ્ટેશનનું ઈન્સ્પેકશન કરવામાં આવ્યું. પંચમહાલ સાંસદ અને ધારાસભ્ય દ્વારા કેટલીક ટ્રેનના સ્ટોપેજ અને વલસાડ–દાહોદ ઈન્ટરસીટી ટ્રેન શરૂ કરવા લેખિતમાં રજુઆત કરાઈ.

પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર ગોધરા રેલ્વે સ્ટેશનની મુલાકાત લીધી હતી અને જનરલ મેનેજર અશોક મિશ્રાએ રેલ્વે સ્ટેશનનું ઈન્સ્પેકશન કર્યું હતું. રેલ્વે સ્ટેશન ખાતે ચાલતા કામો તેમજ મુસાફરોને આવવામાં રેલ્વે સ્ટેશનની મુલાકાતે આવેલ જનરલ મેનેજરને ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજી દ્વારા ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે જે ટ્રેનના સ્ટોપેજ બંધ કરેલ તેવી ટ્રેનો ગરીબ રથ, એકસપ્રેસ, ઈન્દોર કોચીવલ્લી એકસપ્રેસ, ઓખા–નાથદ્વારા એકસપ્રેસ, હરિદ્વાર–વલસાડ (અપલાઈન)ના સ્ટોપેજ આપવા માંગ કરાઈ. જયારે ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે સંપૂર્ણ બંધ કરેલ ટ્રેનો ફિરોજપુર જનતા એકસપ્રેસ, ગાંધીનગર–દાહોદ મેમુ, દાહોદ–વલસાડ ઈન્ટરસીટી, દાહોદ થી વડોદરા સાંજની મેમુ પૂનઃ શરૂ કરવા તેમજ સોમવારના દિવસે ગોધરામાં કોઈ સ્પેશીયલ ટ્રેન ઉદયપુર–બાંદ્રા જે સુરત, વલસાડ, વાપી, બાંદ્રા જવા માટે વીક એન્ડ બનાવવા માટે ટ્રેન મંજુર કરવા રજુઆત કરાઈ. સાથે ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે તેજસ (રાજધાની) એકસપ્રેસ, અગસ્તક્રાંતિ એકસપ્રેસ, પારસનાથ એકસપ્રેસ, અમદાવાદ–ગોરખપુર એકસપ્રેસ, ઓખા ગોહરી એકસપ્રેસ, ગાંધીધામ કામખીયા એકસપ્રેસ, અમદાવાદ–પટના અઝીમાબાદ, ઓખા–બનારસ એકસપ્રેસ, અમદાવાદ–પટના એકસપ્રેસ, ગરભા એકસપ્રેસને કાયમી સ્ટોપેજ આપવામાં આવે. નવિન ટીકીટ બારી, પાર્કિંગ, પ્લેટ ફોર્મ નં.૩–૪ તરફ યાર્ડ પાસે શરૂ કરવામાં આવે. પ્લેટ ફોર્મ નં.૧ અને ૨ એકસેલેટર મંજુર કરવા ગોધરા રેલ્વે સ્ટેશન–શહેરા ભાગોળ ફાટક થી વળાંક સુધી ટ્રેન ધીમી હોવાથી અસામાજીક તત્વો પેસેન્જરોનો સામન ચોરીને ભાગતા હોવાથી પોલીસ પ્રોટેકશન અને લાઈટીંગની વ્યવસ્થાની માંગણી. શહેરા ભાગોળ ફાટક ઉપર અન્ડર પાસના ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. અન્ડરપાસની કામગીરી શરૂ કરવા માટે જનરલ મેનેજરને લેખિતમાં રજુઆત કરવામાં આવી છે.

## ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે મુસ્લિમ સમાજ દ્વારા રેલ્વે જનરલ મેનેજરને રજૂઆત કરાઈ



ગોધરા,
ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે ભારત સરકારના રેલ્વે મંત્રાલયના પશ્ચિમ વિભાગના જનરલ મેનેજર અશોકકુમાર મિશ્ર સહિતની ટીમે ગોધરા રેલ્વે સ્ટેશનની મુલાકાત લીધી હતી અને ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. સાથે સાથે અધિકારીઓ અને કર્મચારીઓ સાથે વાર્તા લાપ કરવામાં આવ્યો હતો અને રેલ્વેની સુવિધામાં કઈ રીતે વધારો કરી શકાય તેના વિશે ચર્ચા કરવામાં આવી હતી. સાથે સાથે રેલ્વે સ્ટેશન ઉપર સુવિધાઓ વિષે ચર્ચા કરવામાં આવી હતી.

આ વખતે ગોધરા શહેરની અલગ અલગ મુસ્લિમ સંસ્થાઓ અને સમાજના આગેવાનો દ્વારા પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર અશોકકુમાર મિશ્રને આવેદન પાત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી કે ગોધરા સિગ્નલ ફળીયા રેલવે સ્ટેશન પાસેના ગળનારા નંબર ૧૦૨/એ માં આવતું ડ્રેનેજનું ગંદુ પાણી બંધ કરી પાકો રસ્તો બનાવવામાં આવે તેમ રજૂઆત કરતા જણાવ્યું હતું કે આ રસ્તો બ્રિટિશ સમય થી અત્યાર સુધી જિલ્લા અને તાલુકા અસંખ્ય ગ્રામ્ય વિસ્તારોના ગામોને ગોધરા શહેરને જોડતો તેમજ શહેર ના ૭૦ ટકા લોકોના ધંધા રોજગાર માટે અવાર જવર કરતો તેમજ યાત્રાધામ ડાકોર , પાવાગઢ યાત્રાળુઓને અવર જવર કરતો મુખ્ય માર્ગ હોવાથી વહેલી ટકે નિરાકરણ લાવવા ની રજૂઆત કરવામાં આવી હતી. સાથે સાથે રેલ્વે સ્ટેશનના મુખ્ય પ્રવેશ દ્વારનો સુધારો કરવામાં આવે તેમજ લાઈટ તેમજ સી.સી.ટી.વી. કેમેરા થી સજ્જકરવામાં આવે જેનાથી મુસાફરો ને મુશ્કેલીઓ ના પડે તેમજ હાલ સ્ટેટ બેન્ક એ.ટી.એમ. ની બાજુમાં આવેલ જૂનો રોડ શરૂ કરવામાં આવે તેમજ કોરોના દરમિયાન બંધ થયેલ ટ્રેનો ફરી શરૂ કરવામાં આવે તેમજ શહેરા ભાગોળ (એલ.સી.૪) ફાટક ઉપર અંડરપાસની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ ગયેલ હોય તે કામગીરીતાત્કાલિક શરૂ કરવામાં આવે તેવી રજૂઆત ગોધરા મુસ્લિમ ઘાંચી સમાજ પંચ (શૂરા), દારૂસસુલાહ વલ ખૈર ગોધરા, AIMIM પંચમહાલ ગોધરા શહેરના સામાજિક કાર્યકરો, વકીલો વગેરે એ રજૂઆત કરી હતી.


## ગોધરા અલી મસ્જીદ પાસે ગ્રીન ઝોનવાળી સર્વે નં.૬૩૬/૨ પૈકી ૨ પૈકી ૧ વાળી જમીનમાં શરતો ભંગ કરી વેચાણ થયેલ પ્લોટમાં મકાનોનું બાંધકામ શરૂ થયું



પંચમહાલ સમાચાર ગોધરા,
ગોધરા શહેર અલી મસ્જીદ વિસ્તારમાં સીટી સર્વે (બિનખેતી)ના સર્વે નં.૬૩૬/૨ પૈકી/૨ પૈકી ૧ વાળી જમીનનો એન.એ. હુકમ જીલ્લા કલેકટર દ્વારા શરતોને આધિન કરવામાં આવ્યો હતો. તે મુજબ બિનખેતીના હુકમની શરતોની અવહેલના કરીને શરતોથી વિપરીત નગર નિયોજન મારફતે નકશો મંજુર કરાવ્યા વગર ખાનગી નકશાના આધારે જમીન ઉપર પ્લોટીંગ કરી બેરોકટોક રીતે પ્લોટના વેચાણ કરવામાં આવ્યા હોવાનો અહેવાલ દૈનિક અખબારમાં પ્રસિદ્ધ કરવામાં આવવા છતાં બિનખેતીની શરતોથી વિપરીત પ્લોટીંગ કરવા બાબતે જીલ્લા મહેસુલ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવતાં આ પ્લોટીંગના સ્થળે બાંધકામ શરૂ કરવામાં આવ્યા છે. ત્યારે મહેસુલ વિભાગ કાર્યવાહી કરશે કે રહેમનજર હેઠળ બાંધકામ ચાલવા દેશે તે જોવું રહ્યું.

ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં અલી મસ્જીદ નજીક આવેલ ગ્રીન ઝોનવાળી સર્વે નં.૬૩૬/૨ પૈકી/ ૨ પૈકી ૧ વાળી જમીનના બિનખેતી (એન.એ.) માટે જીલ્લા કલેકટર પંચમહાલને અરજી કરતાં જીલ્લા કલેકટર દ્વારા જમીનને બિનખેતીની પરવાનગી હુકમ કરવામાં આવ્યો હતો. બિનખેતી (એન.એ.)ના હુકમમાં અલગ અલગ પ્રકારની શરતો મુકવામાં આવેલ હતી અને જમીન સીટી સર્વેમાં તબદીલ થયેલ હતી. સર્વે નં.૬૩૬/૨ પૈકી/૨ પૈકી ૧ વાળી જમીનના સ્થળ ઉપર એન.એ. હુકમની શરતોનું પાલન કરવામાં આવ્યું નથી અને સરકાર તરફથી કરેલ જોગવાઈઓ અનુસરી નથી અને એન.એ. હુકમની શરતોથી વિપરીત નગર નિયોજનમાં નકશો મંજુર કરાવ્યા વગર તેમજ પાલિકા તરફથી જરૂરી પરવાનગી કે નકશો પાસ કરાવેલ નથી અને પોતે બનાવેલ ખાનગી નકશાના આધારે પ્લોટીંગ કરી વેચાણ કરવામાં આવી રહ્યા હોય તેમજ લે–આઉટ પ્લાન મંજુર નહિ કરાવી કાયદાનો ભંગ કરવામાં આવ્યો હોય ત્યારે બિનખેતી (એન.એ)ની શરતો ભંગ અને લે–આઉટ પ્લાન વગર પ્લોટના વેચાણ સામે કાર્યવાહી કરીને જમીન ખાલસા કરવા માટે અરજદાર દ્વારા પંચમહાલ જીલ્લા કલેકટરને ૧૨ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ લેખિત રજુઆત કરાઈ હોય અને ગ્રીન ઝોનવાળી બિનખેતીના હુકમની શરતોનો ભંગ કરી વેચાણ થતાં પ્લોટીંગ માટેનો અહેવાલ દૈનિક અખબારના પ્રસિદ્ધ કરવામાં આવ્યો હોય તેમ છતાં જીલ્લા મહેસુલ વિભાગ અને ગોધરા મામલતદાર દ્વારા કોઈપણ પ્રકારના કાર્યવાહી ન કરતાં ગેરકાયદેસર રીતે નકશો પાસ કરાવ્યા વગર પ્લોટીંગ કરી વેચાણ થયેલ પ્લોટ ઉપર બાંધકામ પણ ચાલુ કરવામાં આવ્યું હોય ત્યારે જીલ્લા મહેસુલ વિભાગ કાર્યવાહી ક્યારે કરશે તેવા પ્રશ્ન પણ સામાન્ય રીતે ઉઠી રહ્યા છે.

## મોરવા(હ)ના વંદેલી ગામમાં C.C. રોડમાં ભ્રષ્ટાચારની બુમો : ૫૦ લાખ ઉપરાંત ની કટકી કરી હોવાનું ગ્રામજનોનું અનુમાન



મોરવા(હ),
મોરવા(હ) તાલુકાના વંદેલી ગ્રામ પંચાયત વિસ્તારમાં છેલ્લા પાંચ વર્ષમાં વિકાસના નામે માત્ર પોતાના વિકાસ કર્યો હોવાનું સામે આવ્યું છે. વંદેલી પંચાયત વિસ્તારમાં ૫૦ લાખ રૂપીયાના સી.સી.રોડની કામગીરી સ્થળ ઉપર બન્યા વગર કયાં પગ કરી ગયા તેની હજી ગ્રામજનોને ખબર ન પડતાં ગ્રામજનો દ્વારા સરપંચ અને તલાટી દ્વારા ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાના આક્ષેપ થઈ રહ્યા છે.

મોરવા(હ) તાલુકાના વંદેલી ગ્રામ પંચાયતના સરપંચનો પાંચ વર્ષનો કાર્યકાળ પુરો થયો છે અને હાલમાં વહીવટદાર મુકવામાં આવ્યા છે. ત્યારે વંદેલી ગ્રામ પંચાયત વિસ્તારમાં ૨૦૧૮–૨૦માં થયેલ વિકાસના કામોની યાદી જોતાં વંદેલી ગ્રામ પંચાયત વિસ્તારમાં સી.સી.રોડના ૫૦ લાખના કામો થયેલ હોવાનું વિકાસલક્ષી ફાઈલમાં દર્શાવવામાં આવ્યું છે. પરંતુ ગામમાં સી.સી.રોડના કામો કરવામાં આવ્યા નથી. ત્યારે આ સી.સી.રોડ માટેના ૫૦ લાખ રૂપીયા કોના વિકાસમાં વાપરવામાં આવ્યા. ગામના સરપંચ અને તલાટીના મેળાપીપણામાં ૨૦૧૮–૨૦ના વર્ષમાં ગામના મંજુર થયેલ ૫૦ લાખના સી.સી.રોડના નાણાંનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. વંદેલી સરપંચ અને તલાટી દ્વારા માત્ર સી.સી.રોડ નહિ પરંતુ અન્ય વિકાસના કામો તેમજ મનરેગા યોજનાના કામોમાં ભારે ભ્રષ્ટાચાર ગેરરીતિઓ આચરવામાં આવી હોવાથી ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આગામી દિવસોમાં સરપંચ અને તલાટી દ્વારા આચરવામાં આવેલ ભ્રષ્ટાચાર ગેરરીતિનો મોટા કૌભાંડ ખુલે તેમ લાગી રહ્યું છે.

## શહેરા તલાટી મંડળના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરાઈ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા તલાટી મંડળમાં નવીન પ્રમુખ ઉપપ્રમુખની સર્વાનુમત્તે વરણી કરવામાં આવી હતી. તલાટી મંડળના નવીન પ્રમુખ અને ઉપપ્રમુખને ઉપસ્થિત તલાટી કમ મંત્રીઓ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

શહેરા તાલુકા પંચાયત સભાખંડમાં ગુરૂવારના રોજ તલાટી કમ મંત્રીની મિટિંગ લેવામાં આવતી હોય છે. જેમાં વિવિધ મુદ્દાઓની ચર્ચા હાથ ધરવામાં આવતી હોય છે. ત્યારે છેલ્લા ૨ વર્ષથી પ્રવિણભાઈ પગી તલાટી મંડળમાં પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા હતા અને ગુરૂવારના રોજ હાજર તલાટી કમ મંત્રીઓની ઉપસ્થિતિમાં બાહી સેજામાં ફરજ બજાવતા અમીબેન પંચાલની સર્વાનુમત્તે તલાટી કમ મંત્રી મંડળના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. તો ઉપપ્રમુખ તરીકે બોડીદ્રા ખૂર્દના તલાટી કમ મંત્રી વિનોદભાઈ બારીઆની વરણી કરવામાં આવી હતી. તલાટી મંડળના પ્રમુખ અમીબેન પંચાલ અને ઉપપ્રમુખ વિનોદભાઈ બારીયાને ઉપસ્થિત સૌ તલાટી કમ મંત્રીઓ દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## ગોધરા બુક બ્રાઉઝરની શુભ શરૂઆત થઈ




ગોધરા,
ગોધરા અને પંચમહાલ જિલ્લાના પુસ્તક પ્રેમીઓ માટે અભ્યાસુઓ માટે ગોધરા નગરમાં ગોધરા બુક બ્રાઉઝર ગૃપની શરૂઆત થઈ. છેલ્લા છ મહિનાથી એક ગોધરા શ્રેષ્ઠ ગોધરા આવા ગુપની શરૂઆત કરવાનું આયોજન આરંભ્યું હતું. તે પૂર્ણ થયું અને એક સુંદર કાર્યક્રમ કુદરતના ખોળે, પટેલ ફાર્મ પર યોજાયો હતો.

જેમાં મુખ્ય મહેમાન તરીકે હરી ગોપીનાથન નબુદ્રિપ્પાડ ત્રીવંદરૂમ ખાસ પધાર્યા હતા કે જેઓ ૨૮ ભાષા વ્યાકરણ સાથે બોલી લખી શકતા હતા. જેમણે ૬૭ દેશોનો પ્રવાસ કર્યો છે. જેમની અંગત લાયબ્રેરી ત્રણ મકાનમાં આવેલી છે અર્થાત ત્રણ ઘર ભરીને પુસ્તકો છે, તેવા હરી ગોપીનાથન નબુદ્રિપ્પાડ જી એ જીવન સૌંદર્ય અને સમૃદ્ધિ માં પુસ્તકોનું યોગદાન–એક વિચાર વિમર્શ અને મારા મનપસંદ પાંચ શ્રેષ્ઠ પુસ્તકો વિષય ઉપર ગોધરાના હાજર પ્રબુદ્ધ નાગરિકો, પુસ્તક પ્રેમીઓને સતત બે કલાક સુધી સંબોધ્યા હતા. ત્યાર બાદ જિજ્ઞાસુઓએ પ્રશ્નોતરી કરી નવી વાતો જાણી હતી.

હવે દર મહિનાના પહેલા રવિવારે ગોધરા બુક બ્રાઉઝરનો કાર્યક્રમ યોજાશે. જેમાં વિવિધ પુસ્તકોનો અભ્યાસ કરી તે પુસ્તક ઉપર એક થી દોઢ કલાક રિવ્યૂ આપવા માં આવશે. દર મહિને નવું પુસ્તક હસે અને નવા અભ્યાસુ વકતાનો લાભ મળશે. ગોધરા ખાતે નચિકેત બુક રિવ્યૂ ગૃપ ચાલે જ છે અને તે ગૃપે જ આ મોટું ગૃપ બનાવી વધુમાં વધુ પુસ્તક પ્રેમીઓ જોડાય તેવા ઉદ્દેશ્ય થી આ ગોધરા બુક બ્રાઉઝર ગૃપની સ્થાપના કરી છે. કાર્યક્રમનું સુંદર આયોજન આશિત ભટ્ટ અને ભરત પટેલ એ કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન યોગેશ પટેલ એ કર્યું હતું અને આભાર વિધિ દિનેશ પટેલે કરી હતી.

## હાલોલ જૈન સંઘ દ્વારા વિશાળ રેલીસ્વરૂપે પ્રાંત કચેરી ખાતે પહોચીને આવેદનપત્ર આપવામાં આવ્યું



હાલોલ,
સમસ્ત હાલોલ નગર જૈન સંઘ દ્વારા વિશાળ રેલીસ્વરૂપે પહોંચીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. પાલીતાણા ખાતે અસામાજિક તત્ત્વો દ્વારા કરાયેલી તોડફોડ મામલે જવાબદારો સામે કાર્યવાહી કરવા અને સમેતશિખરને પર્યટન સ્થળ બનતું અટકાવવા માટે આવેદનપત્રના માધ્યમથી માંગ કરવામાં આવી હતી. આવેદનપત્ર આપવા માટે મોટી સંખ્યામાં જૈન સંપ્રદાયના લોકો ઉપસ્થિત રહ્યા હતા. આજે સમસ્ત હાલોલ નગર જૈન સંઘ દ્વારા હાલોલ નગરમાં વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંત કચેરી ખાતે પહોંચીને આવેદનપત્ર આપીને રજૂઆત કરવામાં આવી હતી. તાજેતરમાં જ પાલીતાણા ખાતે આવેલ શેત્રુંજય મહાતીર્થ ખાતે અસામાજિક તત્ત્વો દ્વારા ધાર્મિક સ્થળોએ કરાયેલી તોડફોડનો વિરોધ કરવામાં આવ્યો હતો. જેમાં જવાબદાર તત્વો સામે કાર્યવાહી કરવા અને ભવિષ્યમાં પુનઃ આવી ઘટના ન બને તે માટે કાર્યવાહી કરવા આવેદનપત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. સાથે સાથે સરકાર દ્વારા ઝારખંડ રાજ્યમાં આવેલ જૈનોના પવિત્ર તીર્થધામ સમેત શિખરને પર્યટન સ્થળ તરીકે વિકસાવવાના અભિગમનો પણ વિરોધ કરવામાં આવ્યો હતો. આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, જો સમેત શિખરને પર્યટન સ્થળ તરીકે વિકસાવવામાં આવશે તો સમેતશિખર ખાતે માંસ અને મદિરાનું સેવન અને વેચાણ શરૂ થઈ જશે, જેનાથી જૈન સમાજની લાગણી દુભાય તેમ છે, હાલોલ નગરના ગોધરા રોડ પર આવેલ અલકાપુરી જૈન દેરાસર ખાતેથી નીકળેલી વિશાળ રેલી હાલોલ બસ્ટેન્ડ થઈને પ્રાંત કચેરીએ પહોંચી હતી. આ વિશાળ રેલીમાં સ્થાનીકવાસી જૈન સંઘ અને દિગંબર જૈન સંઘના બાળકોથી માંડીને અબાલ વૃદ્ધ તમામ વ્યક્તિઓ જોડાયા હતા. રેલીમાં જોડાયેલા લોકો દ્વારા બેનર સાથે નારા લગાવીને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો.

## કાલોલ તાલુકાના સરકારી સસ્તા અનાજના દુકાનદારો દ્વારા ધારાસભ્યના સત્કાર સમારંભમાં ધારાસભ્યએ પરવાનેદાર સિવાય વહીવટ કરતા લોકો સામે તપાસ કરવા જીલ્લા પુરવઠા વિભાગને આદેશ



કાલોલ,
કાલોલ તાલુકાના સરકારી સસ્તા અનાજની દુકાનોના સંચાલકો દ્વારા ધારાસભ્યનો સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો. જ્યાં કેટલીક દુકાનો ઉપર પરવાનેદારના સ્થાને બીજા વ્યક્તિ વહીવટ કરતાં હોવાનો મુદ્દો સામે આવતાં ધુળાપુઆ થયા હતા.

કાલોલ તાલુકામાં સરકારી સસ્તા અનાજની દુકાનનો ચલાવતા સંચાલકો દ્વારા ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણનો સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો. સત્કાર સમારંભમાં હાજર ધારાસભ્યને કેટલીક દુકાનોના પરવાનેદાર સિવાય બીજા વ્યકિત વહીવટ કરતા હોય તેવું ધ્યાનમાં આવતાં ધારાસભ્ય ગુસ્સે ભરાયા હતા. તાલુકામાં ગરીબો માટે આવતું અનાજ પુરુ વિતરણ કરવા માટે દુકાનદારોને સુચના આપી હતી. જે દુકાનદાર દ્વારા ગરીબો માટે આવતાં અનાજનો જથ્થો પુરો ન આપતા હોય તેવા દુકાનદારો સામે પોલીસ ફરિયાદ કરવા આવશે. સમારંભમાં ધારાસભ્યને તાલુકાની અમુક સરકારી દુકાનોનો વહીવટ પરવાનેદાર સિવાય અન્ય વ્યકિત દ્વારા કરવામાં આવતો હોવાના મુદ્દે ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ દ્વારા કાર્યક્રમ દરમિયાન મામલતદારને ફોન કરી તાલુકામાં પરવાનેદાર વગર અન્ય વ્યકિત વહીવટ કરતા હોવા બાબતે પુછપરછ કરી હતી સાથે જીલ્લા પુરવઠા કક્ષાએ તપાસ માટે રજુઆત કરી હતી અને કાલોલ તાલુકામાં સસ્તા અનાજના પરવાનેદાર સિવાય અન્ય તેનું સંચાલન કરતાં હોય તે બંધ કરવામાં આવે કાર્ડધારકોને ઓછુંઅનાજ આપી બહાર વેચાણ કરી સરકાર બદનામ થાય તેવી પ્રવૃતિ સાંખી લેવાશે નહિ. આંમ, પણ કાલોલ સરકારી અનાજ ગોડાઉન માંથી કરોડો રૂપીયાનું અનાજ સગેવગે થયાનું સામે આવ્યું હતું. તેવા કિસ્સાઓ ફરીથી ન બને તે માટે સુચનો કર્યા હતા.

## પંચમહાલ પોલીસ દ્વારા ૬.૫૦ લાખની આર્થિક મદદ સ્વ.શૈલેષ પગીના પરિવારજનોને કરાઈ



શહેરા,
શહેરા રેફરલ હોસ્પિટલ પાસે ગત તા.૨૬મી ડિસેમ્બરની રાત્રિએ તાલુકાના લાભી ગામના રહેવાસી અને ગોધરા શહેર એ ડિવિઝન પોલીસ મથકમાં બજાવતા પોલીસ જવાન શૈલેષ ભેમાભાઈ પગીનું માર્ગ અકસ્માતમાં મોત થયું હતું. જેને લઈને પોલીસકર્મીના પરિવારને મદદરૂપ થવા માટે એ ડિવિઝન પોલીસે પોલીસ અધિકારી અને કર્મચારીઓને અપીલ કરી હતી. જેથી પંચમહાલ જિલ્લા પોલીસના અધિકારી અને કર્મચારીઓ દ્વારા રૂપિયા ૬ લાખ ૫૫ હજાર જેટલું ફંડ એકત્ર કરાયું હતું. જે એકત્રિત થયેલ ફંડ પોલીસ દ્વારા મૃતક પોલીસ જવાનના ૧ વર્ષના પુત્ર અનિરૂદ્ધસિંહના નામે એફ.ડી. માં મુકવામાં આવ્યું છે. ત્યારે આજરોજ ગોધરા શહેર એ ડિવિઝન પી.આઈ. એ.આર.પલાસ, શહેરા પી.આઈ. કે.પી.ખરાડી, દિપીકા પરમાર સહિત પોલીસના અન્ય કર્મચારીઓએ સ્વર્ગસ્થ પોલીસકર્મી શૈલેષ પગીના ઘરે જઈને તેઓની પત્ની નિમિષા પગી અને પુત્ર અનિરૂદ્ધ પગી (ઉ.વર્ષ–૧) ને પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની ઉપસ્થિતિમાં એ ડિવિઝન પી.આઈ. એ.આર.પલાસના હસ્તે સહાય પેટે મુકવામાં આવેલ એફ.ડી. નો લેટર અર્પણ કરાયો હતો. આમ, પંચમહાલ જિલ્લા પોલીસે મૃતક પોલીસ જવાનના પરિવારની વ્હારે આવી ગણતરીના દિવસોમાં ફંડ એકત્ર કરી તેને એફ.ડી. માં મુકાયું છે.